RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 220 Dt. 2-12-2024 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# ફડણવીસ મહારાષ્ટ્રસના 'નાથ' : હાઈ કમાન્ડની મહોર બાકી

## એનસીપીના વડા અજિત પવારે પુષ્ટિ કરી છે કે ભાજપના ઉમેદવાર ટોચના પદ પર રહેશે અને ગઠબંધનમાં અન્ય પક્ષોના નાયબ મુખ્ય પ્રધાનો હશે



નવીદિલ્હી, તા. ૨
મહારાષ્ટ્રમાં વિજયી મહાયુતિ ગઠબંધન માટે મુખ્યમંત્રીના નામની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ એનસીપીના વડા અજિત પવારે પુષ્ટિ કરી છે કે ભાજપના ઉમેદવાર ટોચના પદ પર રહેશે અને ગઠબંધનમાં અન્ય પક્ષોના નાયબ મુખ્ય પ્રધાનો હશે. અજિત પવારે એમ પણ કહ્યું કે નવા સીએમ માટે શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બરે યોજાશે.

મહારાષ્ટ્ર બીજેપીના વડા ચંદ્રશેખર બાવનકુલેએ પણ પુષ્ટિ કરી કે આ સમારોહ ૫ ડિસેમ્બરે મુંબઈના આઝાદ મેદાનમાં યોજાશે. અહેવાલોએ એ પણ સંકેત આપ્યો છે કે રખેવાળ સીએમ એકનાથ શિંદે બીજેપી હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવેલા નિર્ણયથી 'નારાજ' હતા અને ગુરુવારે દિલ્હીમાં ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા પછી તેમના વતન ગયા હતા. બેઠક પહેલા શિંદેએ સ્પષ્ટ કર્યું હતું કે મુખ્યમંત્રી પદ પર ભાજપના ટોચના નેતૃત્વ દ્વારા લેવામાં આવેલ કોઈપણ નિર્ણય તેમને સ્વીકાર્ય રહેશે.

તે જાણીતું છે કે ખટઅ એ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો સાથેની કથિત સમસ્યાઓ પણ ઉભી કરી છે, જેમાં ઘણા નેતાઓ પેપર બેલેટનો ઉપયોગ કરીને પુનઃ ગણતરીની માંગ કરી રહ્યા છે. ૨૮૦ સભ્યોની વિધાનસભામાં, ભાજપ ૧૩૨ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો, જ્યારે તેના સાથી પક્ષો - એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની આગેવાનીવાળી NCP - અનુક્રમે ૫૭ અને ૪૧ બેઠકો મેળવી હતી.

### શું શ્રીકાંત શિંદે ઉપમુખ્યમંત્રી?

દિલ્હીમાં સત્તાની વહેંચણીની બેઠક પૂરી થયા બાદ કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદે આરામ માટે તેમના વતન ગામ સાતારા ગયા અને રાજ્યના રાજકારણમાં વિપરીત ચર્ચા શરૂ થઈ. ભાજપની શાનદાર સફળતા બાદ શિંદે નારાજ હોવાનું કહેવાય છે કે પાર્ટી નેતૃત્વએ સાથી પક્ષોને મુખ્યમંત્રી પદ ન આપવાનું પોતાનું સ્પષ્ટ વલણ સ્પષ્ટ કર્યું છે. આ નારાજગીને કારણે દિલ્હીની બેઠક પૂરી થઈ અને તેઓ આરામ કરવા સતારા ગયા. ડેરે ગામમાં બે દિવસ રોકાયા બાદ રવિવારે તેમણે મીડિયા સાથે વાત કરી હતી. ત્યારે હાલ ઉપમુખ્યમંત્રી પદ માટે શ્રીકાંત સિંદેનું નામ ચર્ચામાં ચાલી રહ્યું છે.

### મહાયુતીમાં કોઈ ભેદભાવ નહિ

મહારાષ્ટ્રના રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે ભાજપ નવા મુખ્ય પ્રધાન વિશે નિર્ણય લેશે અને સરકારની રચના અંગે મહાગઠબંધનના ભાગીદારો વચ્ચેના કોઈપણ મતભેદને નકારી કાઢતાં તેમના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી છે. શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેને નાયબ મુખ્ય પ્રધાનનું પદ મળી શકે છે અને શિવસેના ગૃહ મંત્રાલયની માંગણી કરી શકે છે તેવી અટકળો વચ્ચે, શિંદેએ જણાવ્યું હતું કે મહાયુતિ સાથી પક્ષો – ભાજપ, એનસીપી અને શિવસેના – સરકારની રચના અંગે સર્વસંમતિથી નિર્ણય લેશે. નોંધનીય છે કે મહારાષ્ટ્ર ચૂંટણીમાં મહાયુતિની જંગી જીતના એક અઠવાડિયાથી વધુ સમય બાદ પણ, જેમાં ભાજપ ૧૩૨ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યો હતો, નવી સરકારને શપથ લેવાના બાકી છે.

### હજુ પણ સસ્પેન્સ યથાવત

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી પદને લઈને સસ્પેન્સ યથાવત છે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર દેવેન્દ્ર ફડણવીસનું નામ સૌથી આગળ છે. ફડણવીસ અગાઉ બે વખત મુખ્યમંત્રી રહી ચુક્યા છે અને કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારમાં તેઓ નાયબ મુખ્યમંત્રી હતા. શિંદેએ તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, ભાજપના હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે તેનો તેઓ સ્વિકાર કરશે.

# મોંઘવારીનો વધુ એક ડામ

## ગુજરાત ગેસે CNGનો વધાર્યો ભાવ

### ૧.૫૦ પૈસાના વધારા સાથે પાંચ મહિનામાં ગેસના કિલોદીઠ ભાવમાં ૩.૫૦ રૂપિયાનો વધારો થયો




અમદાવાદ, તા.૧
ડિસેમ્બર મહિનાની પણ ભાવ વધારા સાથે શરૂઆત થઈ છે. એલપીજી-સીએનજીના ભાવમાં થતો બદલાવ આમ આદમીને સીધો જ પ્રભાવિત કરે છે. આજે એલપીજી ગેસના ભાવમાં ૧૬.૫૦ રૂપિયાનો વધારો થયો છે, બીજી તરફ ગુજરાત ગેસે પણ સીએનજીના ભાવમાં વધારો કરીને લોકોને મોંઘવારીનો ડામ આપ્યો છે.

ગુજરાત ગેસ દ્વારા સીએનજીના ભાવમાં ૧.૫૦ રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવ્યો છે. જે બાદ ભાવ ૭૬.૨૬ રૂપિયાથી વધીને ૭૭.૭૬ રૂપિયા થઈ ગયો છે. પાંચ મહિનામાં ગેસના કિલોદીઠ ભાવમાં ૩.૫૦ રૂપિયાનો વધારો થયો છે. સીએનજી ગેસના ભાવ વધારો થવાને કારણે સીએનજી વાહન ચાલકોને માથે દરરોજ લાખો રૂપિયાનું ભારણ વધશે.

જો સીએનજી ગેસના ભાવમાં આવી રીતે જ વધારો થતો રહેશે તો વાહન ચાલકો પેટ્રોલ અથવા ડીઝલ વાહનો તરફ વળશે અને પ્રદૂષણ વધશે. ગુજરાત ગેસે આ પહેલાં જુલાઈ, ઓગસ્ટમાં પણ ભાવ વધાર્યો કર્યો હતો. બંને વખતે ૧-૧ રૂપિયાનો વધારો થયો હતો.

ઉલ્લેખનીય છે કે ૧ ડિસેમ્બરથી અનેક બદલાવ થયા છે. એલપીજી અને સીએનજી મોંઘા થવા સહિત ક્રેડિટ કાર્ડ સાથે જોડાયેલા નિયમ બદલાયો છે. એસબીઆઈએ આજથી જ ક્રેડિટ કાર્ડના યુઝ માટે ડિજિટલ ગેમિંગ પ્લેટફોર્મ કે મર્ચન્ટ સાથે જોડાયેલા ટ્રાન્ઝેકશન પર મળતાં રિવોર્ડ્સ પોઈન્ટ આજથી બંધ કરી દીધા છે. ઉપરાંત ક્રેડિટ કાર્ડ ઉપરાંત ઓટીપીના નિયમોમાં પણ બદલાવ થયો છે. ઓટીપી સંબંધિત ટ્રેસેબિલિટી નિયમને ટેલિકોમ કંપનીઓ આજે લાગુ કરશે. તેનાથી સ્પેમ અને ફિશિંગ મામલામાં રોક લગાવી શકાશે. તેમજ ટેલિકોમ કંપની દ્વારા મોકલવામાં આલા મેસેજ ટ્રેસ કરી શકાશે.

## વક્ફ સુધારા બિલની ચર્ચા વચ્ચે

# આંધ્ર સરકારે વક્ફ બોર્ડ વિખેર્યું



અમરાવતી, તા.૧
આંધ્ર પ્રદેશ સરકારે એક મહત્વનો નિર્ણય લઈને રાજ્યના વક્ફ બોર્ડને ભંગ કરી દીધું છે. આ બોર્ડની રચના પૂર્વ જગનમોહન સરકારના કાર્યકાળ દરમિયાન કરવામાં આવી હતી. મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની ટીડીપી-જેએસપી સરકારે રાજ્ય વક્ફ બોર્ડને તાત્કાલિક અસરથી ભંગ કરી દીધું છે. રાજ્યના ન્યાય અને લઘુમતી કલ્યાણ મંત્રી ફારુકે કહ્યું છે કે રાજ્ય હાઈકોર્ટના આદેશ અનુસાર આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જેની જાહેરાત કરતાં રાજ્યનાં અલ્પસંખ્યક કલ્યાણ મંત્રી એન એમ ફારૂકે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની ગઠબંધન સરકાર વકફ મિલકતોના સંરક્ષણ અને સંચાલન અને લઘુમતીઓના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. સ્થાનિક મીડિયા સાથે વાત કરતા ફારુકે કહ્યું કે સરકાર આ દિશામાં પગલાં લઈ રહી છે. તમામ પાસાઓની કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ અને હાઈકોર્ટના આદેશ બાદ, રાજ્ય સરકારે ૨૧ ઓક્ટોબર, ૨૦૨૩થી તાત્કાલિક અસરથી પાછું ખેંચી લીધું છે.

રાજ્ય સરકાર દ્વારા ગઠન કરવામાં આવેલા બોર્ડનું નામ આંધ્ર પ્રદેશ રાજ્ય વક્ફ બોર્ડ હતું. હાલના આંધ્ર પ્રદેશ વક્ફ બોર્ડમાં કુલ ૧૧ સભ્યો હતા, જેમાંથી ત્રણ ચૂંટાયા હતા અને બાકીના આઠ નામાંકિત થયા હતા. ૩૦ નવેમ્બરના આદેશમાં, રાજ્ય સરકારે YSRC સરકાર હેઠળ રચાયેલા એપી રાજ્ય વક્ફ બોર્ડ પર કરવામાં આવેલી કાર્યવાહી વિશે માહિતી આપી છે. તેણે કહ્યું કે તે માર્ચ ૨૦૨૩ થી નિષ્ક્રિય છે.

### શા કારણે કર્યું રદ્દ?

રાજ્ય સરકારના આ કદમ પાછળ અનેક કારણો જણાવવામાં આવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકારના અગાઉના GO ૪૭ વિરુદ્ધ હાઈકોર્ટમાં ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેમાં GOની માન્યતા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. રાજ્યના કાયદા અને લઘુમતી કલ્યાણ મંત્રી એન મોહમ્મદ ફારુકે વક્ફ બોર્ડના વિસર્જનની પુષ્ટિ કરી છે. હાલના વક્ફ બોર્ડના વિસર્જન બાદ રાજ્ય સરકાર નવી રીતે બોર્ડની રચના કરી શકે તેવી અપેક્ષા છે.

## ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટની કડક અમલવારી માટે રાજ્ય સરકાર મક્કમ

# હોસ્પિટલો રજીસ્ટ્રેશન ન કરાવે તો ૫ લાખ દંડ

### આરોગ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં લેવાયો આકરા દંડનો નિર્ણય




રાજકોટ મિરર, અમદાવાદ, તા.૧
ગાંધીનગર ખાતે ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક યોજાઇ હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની પ્રવર્તમાન જોગવાઇઓ, આ અધિનિયિમ હેઠળ જરૂરી સુધારા અને પ્રવર્તમાન સમયમાં થઇ રહેલા હોસ્પિટલના રજીસ્ટ્રેશન સંદર્ભેની વિગતવાર સમીક્ષા કરવામાં હતી.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, તા. ૧૨મી માર્ચ, ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હોસ્પિટલ્સે આ અધિનિયિમ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે. રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટરની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખુબ જ જરૂરી છે. રજીસ્ટ્રેશન સિસ્ટમ દાખલ કરીને અયોગ્ય પ્રેક્ટિશનરો દ્વારા ઊંટવૈદું રોકી શકાશે.

આ એક્ટ અંતર્ગત તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. ક્લિનિક સંસ્થાઓના તમામ પ્રકારની ઉપચારાત્મક અને ડાયગ્નોસ્ટિક સેવાઓ માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત છે. એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી, સિધ્ધ અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ પણ રજીસ્ટ્રેશન ફરજીયાત પણ કરાવવું પડશે. અત્યાર સુધીમાં રાજ્યની ૫૫૩૪ આરોગ્ય સંસ્થાઓએ કાયમી રજીસ્ટ્રેશન કરાવ્યું છે.જેમાં ૨૩૨૮ સરકારી, ૩૦૧૫ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ૪૦૧૮ એલોપેથી, ૧૮૫ આયુષ હોસ્પિટલ્સ, ૪૩૭ હોમિયોપેથી , ૭૭ ડેન્ટલ ક્લિનીક, ૧૦૮ ઇ.એસ.આઇ.સી. હોસ્પિટલનો છે. ૫૦ થી ઓછી પથારી ધરાવતી ૪૬૦૧ અને ૫૦ થી વધુ પથારી ધરાવતી ૩૨૨ હોસ્પિટલ્સે અત્યાર સુધીમાં આ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે.

આ એક્ટ હેઠળ ક્લિનિક, કન્સલ્ટિંગ રૂમ, પોલીક્લિનિક ઉપરાંત ૧૫ બેડ થી લઇ ૧૦૦ થી વધુ પથારીઓ ધરાવતી હોસ્પિટલ્સમાં બેડ પ્રમાણે તબક્કાવાર નોંધણી તેમજ સ્ટેન્ડઅલોન લેબ, અન્ય ડાયગ્નોસ્ટિક યુનિટમાં પણ નિયત ફી ભરીને રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત છે. ઉપર દર્શાવેલ તમામ કેટેગરીની આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપતી સંસ્થાઓએ કામચલાઉ, કાયમી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્રો લેવા ફરજીયાત છે. પ્રમાણપત્ર વિના કાર્યરત આમાંથી કોઇપણ આરોગ્ય સંસ્થાઓને રૂ. ૧૦ હજાર થી ૫ લાખ સુધીનો દંડ થઈ શકે છે.



### સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે

# પાળ ખાતે ૧૦ કરોડથી વધુના વિકાસ કામોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાયા











રાજકોટ મિરર, તા.૧

ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે રાજકોટના પાળ ગામ ખાતે મવડી-પાળ બ્રિજ તથા બોક્સ કલ્વર્ટ રાજપરા-ભાડુઇ-સર રોડના કુલ રૂા. ૯.૮૮ કરોડના કામો તથા તાલુકા પંચાયત, લોધીકા હસ્તકના વિવિધ વિકાસના કુલ રૂા. ૮૦.૨૯ લાખના કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ અને મફત ઘરથાળના ૧૦૦ ચો. વારના પ્લોટના સનદ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે મંત્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગામડાઓમાં પણ શહેર જેવી સુવિધાઓ વિકસે તે માટે સતત દરકાર લેવામાં આવી રહી છે. અંદાજે રૂ. ૯ કરોડના ખર્ચે બનનાર આ નવા મેજર બ્રિજથી મવડી-પાળ- રાવકી-માખાવડ ગામના લોકોની આવાગમનની સુવિધાનો ઉમેરો થશે, વળી ચોમાસામાં પડતી તકલીફનું નિવારણ પણ થશે. આ સાથે મંત્રીશ્રીએ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરને ગુણવત્તાસભર કામ થાય તે માટે તકેદારી રાખવા તાકીદ કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યપ્રણાલીના કારણે જ આજે ગુજરાત વિકાસનું રોલ મોડલ બન્યું છે, જે કાર્યપ્રણાલીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર આગળ વધારી રહી છે. પ્રધાનમંત્રીશ્રીએ લોકોના ઘરના ઘરનું સ્વપન સાકાર કર્યું છે. જેના પરિણામે જ આજે લોધિકા ખાતે પણ અનેક પરિવારોને ઘરથાળનો પ્લોટ આપવામાં આવી રહ્યો છે. લોધિકા તાલુકામાં અંદાજે રૂ. ૨૬૫.૭૬ કરોડના વિવિધ વિકાસ કામોની મંજૂરી મળી છે. જેનાથી લોધિકા તાલુકો વિકાસની હરોળમાં અગ્રેસર થયો છે.

**ગ્રામ્ય વિસ્તારોમાં પણ શહેર જેવી સુવિધાઓનું નિર્માણ થઈ રહ્યું છે : ભાનુબેન બાબરીયા**

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, નારી વંદના બીલ પસાર થતા આવનારા દિવસોમાં વિકસિત ભારતના શ્રેષ્ઠ સમયમાં મહિલાઓ રાજકીય ક્ષેત્રે પણ વધુ સહભાગીતા નોંધાવશે. તો શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં જો બાળકો અને માતાઓ તંદુરસ્ત હશે તો જ તેનો પાયો મજબૂત થશે તે માટે માતાઓ પોતાના બાળકોના પોષણની ચિંતા કરી સરકાર દ્વારા આપવામાં આવતા પોષણયુક્ત ખોરાકનો ઉપયોગ કરે તેમ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે ગ્રામ્ય વિસ્તારોમાં પણ શહેરની જેમ અનેક વિકાસ કાર્યો એકસાથે હાથ ધરાઈ રહ્યા છે, ત્યારે વિકસિત ભારતના સંચાલન માટે બાળકો સમર્થ તો જ બનશે જો તેમના પોષણ, શિક્ષણની કાળજી લેવાશે. આ મેજર બ્રિજ બનતા ભવિષ્યમાં આસપાસના ગામના બાળકોને શિક્ષણ માટે આવાગમનમાં પડતી ચોમાસા દરમિયાનની તકલીફોનો નિવારણ થશે અને ગુણવત્તાલક્ષી કામગીરીથી આવનારી પેઢીઓ પણ આ વિકાસ કાર્યોનો લાભ લે તે સૌએ સહકારની ભાવના સાથે સુનિશ્ચિત કરવા સાંસદશ્રીએ અપીલ કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીએ પાળ ગામના વર્ષો જૂના બ્રિજના પ્રશ્નના નિરાકરણ બદલ હર્ષ વ્યક્ત કરી દીકરીઓને પણ વિવિધ યોજનાઓના લાભ સાથે સમાજમાં દરેક ક્ષેત્રે સહભાગી બનાવવા આહવાન કર્યું હતું. કલેકટર પ્રભવ જોશીએ ખાતમુહૂર્ત થનાર તમામ વિકાસ કાર્યોની આછેરી ઝલક આપી હતી. મહાનુભાવોના હસ્તે પાળ- રાવકી- માખાવડ ખાતેના ૫૯ પરિવારોને સનદ વિતરિત કરવામાં આવી હતી

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિલાસબેન મોરડ, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી અલ્પાબેન તોગડીયા, મોહનભાઈ દાફડા, રાજકોટ એ.પી.એમ.સી.ના ચેરમેન જયેશભાઈ બોઘરા, અગ્રણી મનહરભાઈ બાબરીયા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તી, પાળ ગામના સરપંચ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### ક્રાઈમ બ્રાન્ચમાં વધુ એક GST કૌભાંડનો ગુન્હો

# રાજકોટ, જુનાગઢ, ભાવનગર અને અમદાવાદ મળી ૭ પેઢીએ સરકારનું રૂ.૭૯ લાખનું કરી નાખ્યું !

**રાજકોટ ૩, જૂનાગઢ ૨, ભાવનગર અને અમદાવાદની ૧-૧ પેઢીએ સાથે મળી કાવતરૂં રચ્યું, બનાવટી બિલિંગ અને દસ્તાવેજોના આધારે ક્રેડિટ મેળવી : બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી સરકારને ૭૯ લાખનું આર્થિક નુકશાન પહોચાડ્યું**

રાજકોટ મિરર, તા.૨

રાજકોટ, જુનાગઢ, ભાવનગર અને અમદાવાદ એમ સાત પેઢીએ જીએસટોમાં બનાવટી બિલીંગ અને દસ્તાવેજોના આધારે ક્રેડીટ મેળવી રૂ. ૭૯ લાખનું સરકારને નુકશાન કર્યાની ક્રાઈમબ્રાન્ચમાં વધુ એક ફરિયાદ થતા ચકચાર જાગી છે.

રાજકોટમાં ચારેક દિવસ પહેલા પૂર્વે જ ૬૧.૩૮ લાખની જીએસટી ચોરી અંગે ક્રાઇમ બ્રાન્ચમાં મહેશ લાંગા હસ્તકની ૧૪ જેટલી પેઢીઓ સામે ફરિયાદ નોંધાયા બાદ ફરી ૭ બોગસ પેઢીઓ જીએસટીની ઝપટે ચડી જતા ૭૯,૨૦,૩૯૮ રૂપિયાની છેતરપિંડી અંગે ક્રાઇમ બ્રાન્ચમાં વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે. આ ૭ પેઢીઓ પૈકી રાજકોટમાં ત્રણ, જૂનાગઢમાં બે અને અમદાવાદ તથા ભાવનગરમાં એક-એક પેઢી હોવાનું સામે આવ્યું છે તેમજ ૭ પૈકી ૨ પેઢી એવી છે જેના ઉપર ચાર દિવસમાં આ બીજો જીએસટી ચોરીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સેન્ટ્રલ જીએસટી કચેરી રાજકોટના સુપ્રિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિહએ રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ૭૯,૨૦,૩૯૮ રૂપિયાની જીએસટી ચોરી અંગે રાજકોટ ગોંડલ રોડ ઉપર માં આશિષ કોમ્પ્લેક્ષમાં આવેલ શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ પેઢી, રાજકોટ નંદી પાર્ક દર્શિત કોમ્પ્લેક્ષમાં ૧ આવેલ યેશ ડેવલોપર પેઢી, રાજકોટ સાધુ વાસવાણી રોડ પર ડેકોરા ઉત્સવમાં આવેલ આર કે એન્ટરપ્રાઈઝ, જૂનાગઢ ઝાંઝરડા ચોકડી પાસે ગાર્ડન આઇકોનમાં આવેલ બી જે ઓડેદરા પેઢી, જૂનાગઢના ટીંબાવાડી ગામે મોટી પેલેસમાં આવેલ ક્રીઝલ એન્ટરપ્રાઈઝ, ભાવનગર વાઘાવાડી રોડ પર શુરભી કોમ્પ્લેક્ષમાં આવેલ ઓન કન્સ્ટ્રકશન અને અમદાવાદ નંદવિહાર રેસીડેન્સીમાં આવેલ ડી એ એન્ટરપ્રાઈઝ સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, અજાણી વ્યક્તિ દ્વારા શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ નામે પેઢી બનાવી ખોટો ભાડા કરાર કરી ખરા તરીકે રાજકોટ સી.જી.એસ.ટી. ભવન રેસકોર્સ ઓફિસ સહિત ઓનલાઈન રજુ કરી ફેબ્રુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩ દરમિયાન બોગસ ઈનપુટ ટેક્સ મેળવવા માટે અન્ય ૬ પેઢીઓના સંચાલકો સાથે મળી કાવતરૂ રચી બનાવટી બિલિંગ, બોગસ દસ્તાવેજો અને ખોટી રજુઆતો દ્વારા ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા સરકારને ૭૯.૨૦ લાખનું નુકશાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત પેઢીઓએ માત્ર એક જ મહિનામાં ૨૦૧ જેટલા વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું છે. હાલ આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# ૬૮મી શાળાકીય રાષ્ટ્રીય તરણ સ્પર્ધા સંપન્ન

### સાંસદ રૂપાલાના હસ્તે ચેમ્પયનશીપ ટ્રોફી વિતરણ : મહારાષ્ટ્ર ૨૨ ગોલ્ડ સહીત ૫૫ મેડલ સાથે અવ્વલ, અન્ડર -૧૭ બોયઝ, ગર્લ્સ અને ડાઈવિંગમાં ચેમ્પિયન




રાજકોટ મિરર, તા.૧

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલા સરદાર પટેલ સ્નાનાગર ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય તરણ સ્પર્ધા આજરોજ સંપન્ન થતા સાંસદ પરષોત્તમ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત ક્લોઝિંગ સેરેમની યોજાઈ હતી. જેમાં સાંસદના હસ્તે ચેમ્પયનશીપ ટ્રોફી વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તરવૈયાઓનો ઉત્સાહ વધારતા રૂપાલાએ દેશભરમાંથી આવેલા સ્પર્ધકોનું સરદાર, ગાંધી અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ એવા ગુજરાતમાં સ્વાગત અને અભિવાદન કરતા જણાવ્યું હતું કે, રમત ગમત ક્ષેત્રે આજે ભારત વિશ્વભરમાં ડંકો વગાડી રહ્યું છે અને ભારતીય ખેલાડીઓનું ભવિષ્ય ખુબ જ ઉજ્જ્વળ છે.

આગામી સમયમાં ગુજરાત અને ભારત ઓલમ્પિક ગેમ્સ માટે તૈયારી કરી રહ્યું છે, ત્યારે સૌ ખેલાડીઓ ભારત વતી ઓલમ્પિકમાં ભાગ લઈ દેશનું ગૌરવ વધારે તેવી શુભકામના સાંસદશ્રીએ પાઠવી હતી. તેઓએ તરણને ઈશ્વરીય દેન ગણાવી તેને વધુ સારી રીતે નીખારવાનું આપણા હાથમાં હોવાનું કહી સ્પર્ધકોને વધુ ને વધુ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા પ્રોત્સાહિત કર્યા હતાં.

આ તકે રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ આજની ઈવેન્ટમાં સમગ્ર દેશમાંથી વિશાળ સંખ્યામાં આવેલા સ્પર્ધકોનું સ્વાગત કરી વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમજ વિજેતા સ્પર્ધકો ભારતનું નામ વિશ્વમાં રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

રાજકોટ ખાતે તા. ૨૪ નવેમ્બરથી આયોજિત રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય તરણ સપર્ધામાં કુલ ૧૦ ઈવેન્ટ રમાઈ હતી. જેમાં મહારાષ્ટ્ર એ સૌથી વધુ ૨૨ ગોલ્ડ અને કુલ ૫૫ મેડલ સાથે પ્રથમ ક્રમ હાંસિલ કર્યો છે. તેમજ અન્ડર -૧૭ બોયઝ, ગર્લ્સ અને ડાઈવિંગમાં મહારાષ્ટ્ર ટીમ ચેમ્પિયન બની છે. જયારે બીજા ક્રમે કર્ણાટક રાજ્યને ૧૯ ગોલ્ડ સહીત કુલ ૪૨ મેડલ અને ત્રીજા ક્રમે સી.બી.એસ.ઈ ગ્રુપને ૧૬ ગોલ્ડ સાથે કુલ ૩૧ મેડલ પ્રાપ્ત થયા છે.

પોઈન્ટ મુજબ અન્ડર-૧૪ બોયઝમાં ૭૬ પોઈન્ટ સાથે મણિપુર, અન્ડર-૧૭ બોયઝમાં મહારાષ્ટ્ર ૧૦૮ પોઈન્ટ તેમજ અન્ડર-૧૯ બોયઝમાં ૧૨૨ પોઈન્ટ સાથે કર્ણાટક, જયારે અન્ડર -૧૪ ગર્લ્સમાં ૧૨૩ પોઈન્ટ સાથે સી.આઈ.એસ.સી.ઈ, અન્ડર-૧૭ ગર્લ્સમાં ૧૦૯ પોઈન્ટ સાથે મહારાષ્ટ્ર અને અન્ડર-૧૯ ગર્લ્સમાં ૧૨૬ પોઈન્ટ સાથે કર્ણાકટ તેમજ ડાઈવિંગમાં ૧૯૨ પોઈન્ટ સાથે મહારાષ્ટ્ર ચેમ્પિયન બન્યું છે. જયારે કેન્દ્રીય વિદ્યાલયમાંથી ભાગ લેનાર રાજકોટના તરણવીર હીર પિત્રોડાએ બે ગોલ્ડ મેળવી રાજકોટનું નામ રોશન કર્યું છે.

સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સ્વિમિંગ એસોસિએશન દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની અખિલ ભારતીય શાળાકીય સ્વીમીંગ સ્પર્ધાના વિજેતા અને ચેમ્પિયન ટીમને સાંસદ રૂપાલા તેમજ મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

આ તકે અગ્રણીઓ સર્વેશ્રી મનીષભાઈ રાડિયા, રાજકોટ ડીસ્ટ્રીકટ સ્વિમિંગ એસોસિએશનના ઉમેશ રાજ્યગુરુ, ઈન્ટરનેશનલ રેફરી શ્રી કમલેશભાઈ નાણાવટી, વિવિધ ફેડરેશનના અગ્રણીઓ રાજકુમાર ગુપ્તા, સ્પોર્ટ્સ ઓથોરિટી વિભાગના અધિકારીઓ, રિજિયોનલ સ્વિમિંગ કોચ, ટેક્નિકલ ટીમ, આસિસ્ટિન્ગ ટીમ, ૩૫ જેટલા રાજ્યમાંથી આવેલા કોચ અને તરણ સ્પર્ધકો આ સેરેમનીમાં ઉપસ્થિત રહ્યા હતાં.

# મતદાન કેન્દ્રો પર મતદારોની સંખ્યા વધારવી કે નહિ ? આજે SCમાં સુનાવણી

## મતદાનમથક પર ૧૨૦૦ ને બદલે ૧૫૦૦ મતદારોની સંખ્યા વધારવાના નિર્ણય સામે થયેલી જાહેર હિતની અરજીની થશે સુનાવણી

નવી દિલ્હી, તા.૧

ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા બે આદેશોને પડકારતી પીઆઈએલ પર સુપ્રીમ કોર્ટે આજે સોમવારે સુનાવણી કરશે. આ અરજી ભારતના દરેક મતવિસ્તારમાં દરેક મતદાન મથક પર મતદારોની સંખ્યા વધારવાના ચૂંટણી પંચના નિર્ણય પર ઈન્દુ પ્રકાશ સિંહ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી છે.

હકીકતમાં ચૂંટણી પંચ દ્વારા ઓગસ્ટ ૨૦૨૪માં બે સૂચના જારી કરવામાં આવી હતી. આ આદેશ અનુસાર દેશના દરેક મતદાન મથક પર મતદારોની સંખ્યા ૧૨૦૦ થી વધારીને ૧૫૦૦ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ આદેશને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે.

ઈન્દુ પ્રકાશ સિંહના વકીલ અભિષેક સિંઘવીએ આ પીઆઈએલ અંગે વાત કરતાં કહ્યું કે, દરેક મતદાન મથક પર મતદારોની સંખ્યા ૧૨૦૦ થી વધારીને ૧૫૦૦ કરવાથી વંચિત સમુદાયના મતદાનમાં ભાગ લેવાની સંભાવના છે. કારણ કે કોઈપણ બૂથ પર મતદારોની સંખ્યા વધુ હોય ત્યારે મતદાનમાં વધુ સમય લાગશે. એટલે કે, મતદાન મથક પર લાંબી કતારો અને રાહ જોવી મતદારો માટે સમસ્યા પેદા થઈ શકે છે.

અરજદારની દલીલ પર બેન્ચે કહ્યું કે, ચૂંટણી પંચ ઈચ્છે છે કે વધુને વધુ લોકો મતદાન કરે અને ઈવીએમના ઉપયોગથી સમયની બચત થાય. પંચ મતદાનનો સમય ઘટાડવા માટે વધુ ઈવીએમનો ઉપયોગ કરવાની કોશિશ કરી રહ્યું છે.



### આગામી ચૂંટણી પર પડશે અસર

આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ચૂંટણી પંચના આ નિર્ણયની અસર આવતા વર્ષે બિહાર અને દિલ્હીમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદારો પર પડશે. વરિષ્ઠ એડવોકેટ અભિષેક સિંઘવીનું કહેવું છે કે મતદાન કરવામાં ૧ સેકન્ડનો સમય લાગે છે, અને તેથી એક દિવસમાં ૬૬૦ થી ૪૯૦ લોકો એક ઊટખ સાથે મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપી શકે છે. સરેરાશ મતદાનની ટકાવારી ૬૫.૭૦ ટકા છે, એટલે તે ધ્યાનમાં લેતા એવો અંદાજ લગાવી શકાય છે કે, ૧,000 મતદારોને સ્વીકારવા માટે તૈયાર કરવામાં આવેલ મતદાન મથક પર લગભગ ૬૫0 મતદારો આવે છે. પીઆઈએલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, 'દેશમાં એવા પણ બૂથ છે, જ્યાં મતદાતાઓનું લગભગ ૮૫-૯૦ ટકા મતદાન રહે છે. ત્યારે લગભગ ૨૦ ટકા મતદારો મતદાનના કલાકો પછી લાઈનમાં ઉભા રહેશે અથવા લાંબી રાહ જોવાને કારણે તેમના મતાધિકારનો ઉપયોગ કરવાનું છોડી દેશે. પ્રગતિશીલ પ્રજાસત્તાક કે લોકશાહીમાં આ બંનેમાંથી કોઈપણ સ્વીકાર્ય નથી.'

# બેડ ન્યુઝ : ગુજરાતમાં માથુ ઉચકતો એઈડ્સ : ૧.૨૦ લાખથી દર્દી

## દર એક લાખ વ્યક્તિએ ચારને સંક્રમણ : એક જ વર્ષમાં કાળમુખો રોગ ૮૦૦ને ભરખી ગયો

રાજકોટ મિરર, ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં હ્યુમન ઈમ્યુનોડેફિસિએન્સી વાયરસ (એચઆઇવી) વાયરસથી સંક્રમિત એક્વાયર્ડ ઈમ્યુનોડેફિસિએન્સી સિન્ડ્રોમ (એઇડ્સ)ના ૧.૨૦ લાખથી વધુ દર્દીઓ છે. આમ, રાજ્યમાં હાલ પ્રતિ ૧ લાખની વસતીએ સરેરાશ ચાર વ્યક્તિ એચઆઇવી સંક્રમણ ધરાવે છે. આ ઉપરાંત એક વર્ષમાં ૮૦૦ વ્યક્તિએ એઇડ્સ સામે જીવ ગુમાવ્યો છે. ૧૫થી ૪૯ના વયજૂથમાં ગુજરાતમાં એચઆઇવી પ્રિવેલન્સ રેટ ૦.૧૯ ટકા છે.

વિશ્વના તમામ લોકોમાં એચઆઇવી-એઇડ્સ વિશે જાગૃતિ આવે તે હેતુસર 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન' દ્વારા દર વર્ષે ૧ ડિસેમ્બરની ઉજવણી 'વિશ્વ એઇડ્સ દિવસ' તરીકે કરવામાં આવે છે. આજના આધુનિક યુગમાં એચઆઇવી ક્રોનિક મેનેજેબલ ડિસિઝ એટલે કે નિયમિત દવા લેવાથી નિયંત્રણમાં રાખી શકાય તેવો રોગ છે. દરેક એચઆઇવી પોઝિટિવ વ્યક્તિ નિયમિત દવા લઇને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવીને કુદરતી આયુષ્ય મુજબ જીવન જીવી શકે છે.

તાજેતરમાં લોકસભામાં રજૂ કરવામાં આવેલા અહેવાલ અનુસાર નેશનલ એઇડ્સ-એસટીડી કન્ટ્રોલ પ્રોગ્રામ હેઠળ નોંધાયેલા કુલ ૮૪૫૩૭ દર્દીઓ છે. ૨૦૧૯-૨૦માં આ દર્દીઓની સંખ્યા ૭૧૪૯૯ હતી. આમ, પાંચ વર્ષમાં દર્દીઓની સંખ્યામાં ૧૨ ટકાથી વધુનો વધારો થયો છે. બીજી તરફ ગુજરાત સરકારના દાવા અનુસાર ગુજરાતમાં અનુમાનિત વયસ્ક એચઆઇવી પ્રસાર વર્ષ ૨૦૧૯માં ૦.૨૦%થી ઘટીને ૨૦૨૩માં ૦.૧૯% થઇ ગયો છે. તેવી જ રીતે, ૨૦૧૯માંએચઆઇવી સંક્રમણ દર પ્રત્યેક ૧,૦૦,૦૦૦ અસંક્રમિત લોકોમાં ૬ વ્યક્તિથી ઘટીને વર્ષ ૨૦૨૩માં ૪ વ્યક્તિ થઇ ગયો છે.

સરકારના દાવા અનુસાર આ રોગને નિયંત્રણમાં લેવા ગુજરાતમાં ૧૦૫ એન.જી.ઓ. અને ૨ ઓ.એસ.ટી. કેન્દ્રો-ઓપીયાડ સબસ્ટીટ્યુટ સેન્ટર દ્વારા એચઆઇવીની અટકાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત એચઆઇવીના સંક્રમણ લાગવાના હાઇ જોખમ ધરાવતા લોકો જેવા કે સમલૈંગિક, દેહ વિક્રય કરતી બહેનો, સ્થળાંતરીત મજૂરો, ટ્રક ડ્રાઇવરો તથા સોય-સીરીંજ દ્વારા ડ્રગ્સનું સેવન કરતા લોકોની જાગૃતિ, તપાસ અને સારવાર કરાવવામાં આવે છે.




### HIV સ્ક્રીનિંગ કરાવનારાની માહિતી જાહેર કરાતી નથી

સરકારી હોસ્પિટલો ખાતે ૨૬૧ આઇ.સી.ટી.સી. સેન્ટરો અને ૨૪00 સ્ક્રિનીંગ સેન્ટરો તથા ૩ મોબાઇલ વાનમાં એચઆઈવી તપાસની મફત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.સરકારી હોસ્પિટલો ખાતે ૬0 સેન્ટરોમાં જાતીય રોગની તપાસ અને સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ૪૮ એ.આર.ટી. સેન્ટરો અને ૫૯ લીંક એ.આર.ટી. સેન્ટરો ખાતે એચઆઈવી પોઝિટિવ લોકોને મફત દવા આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ વ્યક્તિની તપાસ અને સારવારની માહિતી જાહેર કરાતી નથી.

### આ સ્થિતિમાં ન ફેલાય એઇડ્સ

એક જ કાર્યસ્થળો પર સાથે કાર્ય કરવાથી, એક જ સ્વિમીંગ પુલનો ઉપયોગ કરવાથી, સાથે બેસીને ભોજન લેવાથી, એકબીજાના કપડા પહેરવાથી, મચ્છર કરડવાથી, એક જ ઘરમાં સાથે રહેવાથી, ભેટવાથી, હાથ મિલાવવાથી કે સ્પર્શ કરવાથી ફેલાતો નથી.

### ગુજરાતમાં એઇડ્સનો પ્રથમ કેસ સુરતમાં નોંધાયો હતો

વિશ્વમાં એચઆઇવીનો પ્રથમ કેસ વર્ષ ૧૯૮૧માં અમેરિકાના કેલિફોર્નિયામાં દેખાયો હતો. ભારતમાં પ્રથમ કેસ વર્ષ ૧૯૮૬માં ચેન્નાઇ તેમજ ગુજરાતના સુરત ખાતે નોંધાયો હતો. વિશ્વમાં અંદાજિત ૩.૯૯ કરોડ, ભારતમાં અંદાજિત ૨૫.૪૪ લાખ લોકો એચઆઇવી સંક્રમણ સાથે જીવન જીવી રહ્યા છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ગંદકી પર મેકઅપ

## બ્યુટીફિકેશન જરૂરી પણ પહેલા દર્દ તો દૂર કરો



ગંદકીની તીવ્ર દુર્ગંધથી બચવા ગંદા નાલામાં અત્તરનું ટેન્કર ઠાલવવાની પ્રક્રિયા સ્માર્ટ નિર્ણય ન ગણાય, તેને બુદ્ધિનું દેવાળું ફૂંક્યું કહેવાય. નાલાની ગંદકી દૂર કરી દો તો આપોઆપ દુર્ગંધ દૂર થઈ જાય.

રાજકોટમાં હાલ શહેર બ્યુટીફિકેશન કાર્ય ચાલી રહ્યું છે. રાજકોટ સુંદર, રમણીય બને તે આવકાર્ય બાબત છે, સૌંદર્ય દર્શનથી પ્રસન્નતા અને સકારાત્મકતા પ્રસરે છે. આ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત અન્વયે બ્યુટીફિકેશન કાર્ય થતું હશે. સામાન્ય નિયમ એવો છે કે ચહેરા પર મેકઅપ કરવો હોય તો પણ પહેલા ચહેરા પરની ગંદકી દુર કરવી પડે છે. આ અતિ પ્રાથમિક સમજ છે. ચહેરા પર ક્રીમ કે પાઉડર લગાવવો હોય તો પણ પહેલા ચહેરાને ધોઈને ચોખ્ખો કરવામાં આવે છે.

રાજકોટનું બ્યુટીફિકેશન સામાન્ય નિયમને અનુસરે છે ? અહીં તો ગંદકી દૂર કર્યા વગર મેકઅપના થથેડા કરવાના શરૂ કરી દીધા હોય તેમ લાગે છે. માર્ગો પર ખાડાંનો પાર નથી, રીપેરીંગના નામે થીગડા મરાયા તેમાં પણ લેવલિંગના ઠેકાણા નથી, ઘણા સ્થાને તો થીગડાનાં કારણે ડિસ્કો રોડ બની ગયા છે, ટ્રાફિકના ઠેકાણા નથી, મન ફાવે તેવા નિયમોનો અમલ, મનફાવે ત્યારે અમલ થાય છે.

આ ઉપરાંત ભયાવહ પ્રદૂષણ, માર્ગો પર આડેધડ દબાણ, તીવ્ર ઘોંઘાટ વગેરે દુર કરવાને બદલે બ્યુટીફિકેશન શરૂ કરી દેવાયું છે. માર્ગો પર દીવાલોમાં સકારાત્મક ચિત્રો દોરવામાં આવી રહ્યા છે. બ્યુટીફીકેશન પ્રક્રિયા પણ આયોજન વગરની છે, આ પ્રક્રિયા ખૂબ જ ટ્રાફિકને નડતરરૂપ છે.

બ્યુટીફિકેશન પહેલા શહેર શુદ્ધિકરણ અભિયાન શુદ્ધ વૃત્તિથી ચલાવવું જરૂરી હતું. મુખ્ય માર્ગોને બાદ કરતાં શહેરના આંતરિક વિસ્તારોમાં ગંદકી ખદબદે છે. જાહેરમાં ગંદકી કરનારા લોકો સુધરતા નથી, તંત્ર મન થાય ત્યારે અને મનફાવે તેને ગંદકી અંગે દંડ ફટકારે છે પણ પરિણામલક્ષી કાર્યવાહીનો સંપૂર્ણ અભાવ છે.

ગંદકી દુર કરતુ તંત્ર ખુદ ગંદકીથી ખદબદતું હોય તેમ નજરે પડે છે. રાજકોટમાં કચરો એકઠો કરતા વાહનોની દશા જુઓ, ટીપરવાનમાં વાન કરતાં પણ મોટા ગંદા કોથળા લટકતા હોય છે, ઉપરાંત ઘણા વાહનોમાં તો વાનની ઉપર કચરો ગંદકી ગોઠવવાની વિશેષ વ્યવસ્થા કરાઈ હોય છે. વાન કરતાં તેમાં ઉપર-નીચે વધારે કચરો હોય છે જે માર્ગો પર રેલાતો જાય છે.

શહેરની ગંદકી અને તંત્રના મનની ગંદકી દુર કર્યા વગર બ્યુટીફિકેશનના નામે મેકઅપના થથેડા શરૂ કરાયા છે, નાહ્યા વગર કોઈ તૈયાર થાય તો તેના માટે દેશી શબ્દ છે ''વહરુ''. રાજકોટ કેવું લાગશે? નાલા તથા ગંદકીના થર છે, ત્યાંથી તીવ્ર દુર્ગંધ ઉઠે છે, આ દૂર કરવા માટે રાજકોટનું તંત્ર અત્તર સ્પ્રે કંપનીઓને વિવિધ ફ્રેગરન્સ ટેંડરોનો ઓર્ડર દેતો નવાઈ ન પામતા.




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# અમેરિકામાં FBIના નવા ડિરેક્ટર ગુજરાતી કશ્યપ પટેલ

## ટ્રમ્પે ગુજરાત મૂળના અમેરિકનને મોટી જવાબદારી સોંપી

વોશિંગ્ટન, તા. ૧

અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જીત થઇ હતી, જાન્યુઆરી મહિનામાં તેઓ ઓવલ ઓફીસ સંભાળશે. એ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પ મહત્વના હોદ્દાઓ માટે સક્ષમ વ્યક્તિઓને નિયુક્ત કરી રહ્યા છે, જેમાં મૂળ ભારતીયોને પણ સ્થાન મળ્યું છે. ભારતીય મૂળના વધુ એક વ્યક્તિને અમેરિકામાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ટ્રમ્પે કાશ પટેલને ફેડરલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન ડાયરેક્ટર તરીકે નોમિનેટ કર્યા છે. કાશ પટેલના માતાપિતા મૂળ ગુજરાતના છે.

ટ્રમ્પે શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું, મને એ જાહેરાત કરતાં ગર્વ અનુભવાય છે કે કશ્યપ 'કાશ' પટેલ ફેડરલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન ના આગામી ડિરેક્ટર તરીકે સેવા આપશે.

ટ્રમ્પે લખ્યું કે, કાશ એક તેજસ્વી વકીલ, ઈન્વેસ્ટીગેટર અને અમેરિકા ફર્સ્ટ ફાઇટર છે જેમણે તેમની કારકિર્દી ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવામાં, ન્યાયનો બચાવ કરવામાં અને અમેરિકન લોકોની સુરક્ષા કરવામાં વિતાવી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન પણ કાશ પટેલને ઘણી મહત્વની જવાબદારીઓ સોંપી હતી. તેણે આતંકવાદી સંગઠન ISIS, અલ-બગદાદી અને કાસિમ અલ-રિમી જેવા અલ-કાયદાના નેતાઓને ખતમ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત કાશ પટેલે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને હાઉસ પરમેનન્ટ સિલેક્ટ કમિટી ઓન ઈન્ટેલિજન્સ માટે વરિષ્ઠ સલાહકાર તરીકે પણ કામ કર્યું હતું.

### કાશના માતા-પિતા ગુજરાતી

કાશ પટેલના માતા-પિતા મૂળ ગુજરાતના છે અને પૂર્વ આફ્રિકાના દેશ યુગાન્ડાથી કેનેડા થઈને તેઓ અમેરિકામાં સ્થાયી થયા હતા. રાજકીય અસ્થિરતાને કારણે તેમના માતા-પિતાએ ૧૯૭૦માં યુગાન્ડા છોડીને યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થાયી થવાનું નક્કી કર્યું. ૧૯૮૮માં કાશ પટેલના પિતાને અમેરિકન નાગરિકતા મળી હતી. કાશ પટેલે ગાર્ડન સિટી હાઇસ્કૂલ, લોંગ આઇલેન્ડમાંથી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. કાશ પટેલે ૨૦૦૨માં યુનિવર્સિટી ઓફ રિચમંડમાંથી ક્રિમિનલ જસ્ટિસ એન્ડ હિસ્ટ્રીમાં ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ, ૨૦૦૪માં તેણે યુનિવર્સિટી કોલેજ લંડનમાંથી આંતરરાષ્ટ્રીય કાયદાનું પ્રમાણપત્ર મેળવ્યું અને ૨૦૦૫માં તેણે પેસ યુનિવર્સિટી સ્કૂલ ઓફ લોમાંથી જ્યુરીસ ડોક્ટરેટની ડિગ્રી મેળવી. કાશ પટેલે કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વકીલ તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી.

# સમાજના વિનાશની ચિંતામાં RSS ગરક : મોહન ભાગવત

નાગપુર, તા. ૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આરએસએસના વડા મોહન ભાગવતે રવિવારે પરિવારના મહત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે જો સમાજનો વસ્તી વૃદ્ધિ દર ૨.૧થી નીચે જાય તો તે સમાજ નાશ પામે છે.

નાગપુરમાં 'કઠાળે કુળ સંમેલન'માં જનસભાને સંબોધિત કરી તેમણે કહ્યું હતું કે 'પરિવાર' સમાજનો હિસ્સો છે અને દરેક પરિવાર એક એકમ છે. વસ્તીમાં ઘટાડો એ ચિંતાનો વિષય છે કારણ કે લોકસંખ્યા શાસ્ત્ર અનુસાર વૃદ્ધિ દર ૨.૧થી નીચે ઉતરે તો એ સમાજ નાશ પામે છે. કોઈ તેનો નાશ કરશે નહીં, તે જાતે જ નાશ પામશે.'

આરએસએસના અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે 'આપણા દેશની વસ્તી નીતિ અનુસાર વૃદ્ધિ દર ૨.૧ થી નીચે ન હોવો જોઈએ. આપનો વસ્તી વૃદ્ધિ દર બે કરતા વધુ હોવો જરૂરી છે, મતલબ કે દર ૩ હોવો જોઈએ એમ વસ્તી વિજ્ઞાન કહે છે. સમાજ ટકી રહે એ માટે આ સંખ્યા મહત્વપૂર્ણ છે.'

દેશમાં વસ્તી વધારાના કાયદાની માંગ વચ્ચે



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતનું વસ્તી વૃદ્ધિ દર મુદ્દે નિવેદન આવ્યું છે. એક કાર્યક્રમ દરમિયાન સંઘ પ્રમુખે કહ્યું કે વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડો ચિંતાનો વિષય છે. તેમણે એમ પણ કહ્યું કે આધુનિક વસ્તી વિજ્ઞાન કહે છે કે જ્યારે કોઈ સમાજની વસ્તી (પ્રજનન દર) ૨.૧ થી નીચે જાય છે ત્યારે તે સમાજ પૃથ્વી પરથી વિલુપ્ત થઈ જાય છે. આ રીતે ઘણી ભાષાઓ અને સમાજોનો નાશ થયો છે.

મોહન ભાગવતે કહ્યું કે જનસંખ્યા(પ્રજનન દર) દર ૨.૧ થી નીચે ન હોવો જોઈએ. આપણા દેશની વસ્તી નીતિ ૧૯૯૮ અથવા ૨૦૦૨ માં નક્કી કરવામાં આવી હતી. પરંતુ તે એમ પણ કહે છે કે કોઈપણ સમાજની વસ્તી(પ્રજનન દર) ૨.૧ થી ઓછી ન હોવી જોઈએ. આપણને બે કે ત્રણ બાળકની જરૂર છે. તે જ વસ્તી વિજ્ઞાન કહે છે. આ સંખ્યા મહત્વપૂર્ણ છે કારણ કે સમાજ ટકી રહેવો જોઈએ.

આરએસએસ વડા મોહન ભાગવતનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશમાં વસ્તી કાયદો લાવવાની માંગ કરવામાં આવી રહી છે. મોહન ભાગવતના આ નિવેદન બાદ દેશમાં ફરી એકવાર ચર્ચા છેડાઈ છે. કેટલાક લોકો કહે છે કે દેશમાં પહેલાથી જ વસ્તી વિસ્ફોટ થઈ ચૂક્યો છે. આવી સ્થિતિમાં વધુ બાળકોની વાત યોગ્ય નથી.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેટ ગતિએ વધશે આગળ

## બુલેટ ટ્રેન કોરિડોરની સુરતમાં તેની પ્રથમ ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીની કરી સ્થાપના

રાજકોટ મિરર, મુંબઈ, તા.૧

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર શનિવારે સુરતમાં તેની પ્રથમ ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીની સ્થાપના સાથે નોંધપાત્ર સીમાચિહ્ન પર પહોંચી ગયો છે. આ ફેક્ટરી ૩૨૦-૩૫૦ કિમી પ્રતિ કલાકની ટ્રેનની ઝડપ મેળવવા સક્ષમ ટ્રેકનું નિર્માણ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે દરરોજ ૧૨૦ સ્લેબની ઉત્પાદન ક્ષમતા સાથે અત્યાધુનિક ફેક્ટરીનું અનાવરણ કર્યું. આ સ્લેબ વધુ ઝડપે સ્થિરતા સુનિશ્ચિત કરવા, ટ્રેકને સુરક્ષિત રીતે સ્થાને રાખવા માટે જરૂરી છે. પ્રોજેક્ટને વધુ ગતિ આપવા માટે, એનએચએસઆરસીએલ આવતા વર્ષ સુધીમાં મહારાષ્ટ્રમાં બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) અને દહાણુ વચ્ચે બીજી ટ્રેક સ્લેબ ઉત્પાદન સુવિધા સ્થાપવાની યોજના ધરાવે છે. આ બીજી ફેક્ટરી માટેના ટેન્ડર ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં મંગાવવામાં આવશે, જેમાં કોન્ટ્રાક્ટરોને સ્થળને અંતિમ સ્વરૂપ આપવાનું કામ સોંપવામાં આવશે.

સુરત સુવિધા બેલાસ્ટલેસ ટ્રેક સ્લેબ બનાવવા માટે જાપાનની શિંકનસેન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, જે કોરિડોર (૨૩૭ કિમી)ના ગુજરાત અને દમણ-દીવ વિભાગોને આવરી લેશે. પ્રત્યેક પ્રીકાસ્ટ રિઇનફોર્સ્ડ કોંક્રીટ સ્લેબ ૨,૨૦૦ મીમી પહોળા ૪,૯૦૦ મીમી લાંબા અને ૧૯૦ મીમી જાડા, તથા આશરે ૩.૯ ટન વજન ધરાવે છે.




### ફેક્ટરીની વિશેષતાઓ

ફેક્ટરી ૧૯ એકરમાં ફેલાયેલી છે. ત્રણ સમર્પિત નિર્માણ ખંડોમાં એક સાથે સ્લેબ ઉત્પાદન માટે ૧૨૦ મોલ્ડ છે. શ્રેષ્ઠ શક્તિની ખાતરી કરવા માટે સ્લેબ સ્ટીમ ક્યોરિંગ પ્રક્રિયામાંથી પસાર થાય છે. આ પહેલાં ૨૮ દિવસ માટે સ્લેબને ફેક્ટરીમાં રાખવામાં આવ્યા બાદ, બાંધકામ સ્થળે મોકલવામાં આવે છે.અત્યાર સુધીમાં, ૯,૭૭૫ સ્લેબનું નિર્માણ થઇ ચૂક્યું છે.આણંદ ખાતેની ફેક્ટરીએ ૨૨,૦૦૦થી વધુ સ્લેબનું નિર્માણ કર્યું છે, જે સંયુક્ત ૧૧૦ ટ્રેક કિલોમીટરને આવરી લે છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### વિભીષણ એટલે વિ+ભિષણ એટલે કે જે ક્યારેય ભિષણ નથી એ!



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવી ઈશ્વરનો અંશ છે, અને તે ક્ષણ વાર માટે ક્રિયા કે કર્મ વગર રહી શકતો નથી, પરંતુ તેની ક્રિયા કે કર્મ અહેતુ હોતી નથી, મોટેભાગે એની ક્રિયા લૌકિક અર્થ કે હેતું સભર હોય છે. હેતુ હોવાને કારણે ગમો અણગમો થવો સંભવ છે,અને તેથી તેને આંતરિક પ્રકૃતિમાં અને બાહ્ય પ્રકૃતિમાં સંતુલન જાળવવું હોય, તો પોતાની પ્રત્યે પણ અતૂટ વિશ્વાસ હોવો જરૂરી છે, અને બાહ્ય સબંધ કે પ્રકૃતિ માટે પણ અતૂટ વિશ્વાસ હોવો જરૂરી છે. પરંતુ એનો મતલબ એ નથી કે તે નિષ્ક્રિય બની જીવન જીવે, કે પછી નિરસતાથી જીવન જીવે, અથવા તો આળસુ, કાયર, કે પ્રમાદી બની ને જીવન જીવે. પોતાના આંતર બાહ્ય વિશ્વાસ ની ધરોહર થકી એ શુભ મંગલ માટે થોડું ઘણું સહનશીલતા કેળવે,એ જરૂરી છે, અને આ રીતે સહજ થવું એ જ તો બુદ્ધિ નો અંતિમ નિષ્કર્ષ છે. આપણે ચરિત્રની ઓળખમાં રામાયણ કાળ ના પાત્ર પરિચય પર ચિંતન કરી રહ્યા છીએ,અને રામાયણ અંતર્ગ રાવણ એ પણ પોતાના ભાઈ વિભીષણને કાયર કહ્યો હતો, તો આજે આપણે ચિંતનમાં વિભીષણ વિશે વાત કરીશું.

વિભીષણના પાત્ર પરિચયમાં આપણે રાવણનો નાનો ભાઈ એટલું જ લખવું પર્યાપ્ત નથી. વિભીષણ ની સંધિ છૂટી પાડીએ વિ + ભિષણ, એટલે કે જે ક્યારેય ભિષણ નથી, અથવા લંકા કે રાવણને ભિષણતા માંથી ઉગારવાનો પ્રયત્ન કરે છે એ. કૈકસી અને ઋષિ વિશ્વવસ્થીને બે પુત્રો થયાં, રાવણ અને કુંભકર્ણ. પરંતુ તે બંને દુષ્ટકર્મા હતાં, તેથી તેમણે ઋષિની સેવા કરી અને ત્રીજા પુત્રની માંગણી કરી, અને એમને ત્યાં વિભીષણનો જન્મ થયો. વિભીષણે બ્રહ્માની ખૂબ જ આકરી તપસ્યા કરી, અને પોતાને માટે ધર્મ બુદ્ધિ માંગી. બ્રહ્માએ પ્રસન્ન થઈ તેને બ્રહ્માસ્ત્ર અને અમરત્વનું વરદાન આપ્યું, અને એટલે જ સાત ચિરંજીવીમાં વિભીષણનું નામ છે. વિભીષણ એક બહુ સારા મંત્રી હતાં, અને રાવણની ખ્યાતિ માટે તેમજ લંકાના ઐશ્વર્ય માટે,કે પછી રાજકીય વ્યૂહ માટે બહુ સારું જ્ઞાન ધરાવતા હતાં. એક કુશળ રાજા માટે તેની સાથે સાથે તેના મંત્રીનું સારું હોવું પણ બહુ જરૂરી છે. દેશ દ્રોહી મંત્રી રાજ્ય કે રાજાનુ નુકસાન કરી શકે, આ ઉપરાંત માત્ર રાજાની ખુશામત કરનાર મંત્રી પણ રાજ્ય કે પ્રજા માટે પતન કર્તા સાબિત થાય.

રાવણ જ્યારે સીતાનું અપહરણ કરીને લંકામાં લઈ આવ્યો, અને અશોક વાટિકામાં તેને રાખવામાં આવી, ત્યાં સુરમા એટલે વિભીષણની પત્ની, અને ત્રિજટા ને સીતાની દેખભાળની જવાબદારી સોંપી હતી. રાવણના આ કૃત્ય માટે રાજ દરબારમાં રાવણને આ અનીતિનું કાર્ય છે, એવું કહેનાર માત્ર વિભીષણ હતો. એણે રાવણને ઘણીવાર સમજાવવાની કોશિશ કરી કે, આ કાર્ય આખા કુળનો નાશ કરી શકે તેમ છે! લંકાની પ્રજા ત્રાહિમામ પોકારી જશે! યુદ્ધ માત્ર વિનાશ નોતરે છે, તેમજ જે આશયથી સીતાને લઈ આવ્યા છો એ આશય તો કદી પાર પાડવાનો નથી. એટલે કે સીતા તમારી થશે, એ સ્વપન, સ્વપન જ રહેવાનું છે, માટે હજી કહું છું કે સીતા ને માનભેર પાછી આપી દેવામાં જ રાજા અને રાજય એટલે કે પ્રજાની સલામતી છે. રાવણ ને વિભીષણ ની આ વાત સમજાઈ નહીં, અને તેણે કહ્યું કે તું મરવાના વાંકે આ બધી વાત કરે છે, તું કાયર છે. આઠ-દસ વાંદરાની સેના સામે શરણાગત થઈ જવું એ મારા જેવા સશક્ત યોદ્ધાને શોભા દેતું નથી! છતાં તું મને આવી સલાહ આપે છે? તને મારી શક્તિ પર શંકા છે, અને પોતાનું ભવિષ્ય સુરક્ષિત રહે, માટે રામનું શરણું સ્વીકારવાની વાત કરે છે. આમ કાયર કહી પાટુ મારી અને જા તારે એ રામના શરણે જવું હોય તો જા! એમ કહી પોતાની સભામાંથી કાઢી મૂકે છે, અને વિભીષણ પોતાના ચાર અંગત મિત્ર ને લઈને રામના શરણમાં આવી જાય છે. પોતાની પત્ની દીકરી જમાઈ બધાને લંકામાં છોડીને એ પ્રભુ શ્રી રામ ને શરણે આવે છે. જોકે રાવણે પણ આ લોકોને રંજાડ્યાં હોય એવો ઉલ્લેખ મળતો નથી.

સુગ્રીવ સહિત ઘણાં વાનરને આ રાવણનું ષડયંત્ર છે એવી દહેશત હતી. પરંતુ પ્રભુ શ્રીરામે કહ્યું કે શરણાગતને આશ્રય દેવો એ ક્ષાત્ર ધર્મ છે, અને હું તે ચૂકું તો ક્ષત્રિય કહેવાને લાયક નથી. રાવણ સાથે પ્રભુ શ્રીરામનું યુદ્ધ થયું અને એ યુદ્ધમાં પ્રભુ શ્રીરામનો વિજય થયો એની માટે વિભીષણ બહુ ઉપયોગી સાબિત થયાં, એટલે કે તેનો વિજય માટે મહત્વનો ફાળો હતો. તે પોતે પણ માયાવી હતાં એટલે ઈન્દ્રજીત અને તેના સાથીઓના અદ્રશ્ય ચહેરાઓ કુબેર પાસેથી જળ લાવીને રામ લક્ષ્મણની આંખે આંજ્યું, જેથી તેઓ દશ્યમાન થયા. આ ઉપરાંત લંકાની પ્રાકૃતિક ભૂગોળ તેમજ ભાતીગળ ભૂગોળથી તે વાકેફ હતા. રાવણની સેનાની વ્યૂહરચના, યુદ્ધ નીતિ, તેમજ સેનામાં કોણ કેટલું બહાદુર છે, અને કોની પાસે કયા શસ્ત્ર છે! કોને વરદાન છે, ને કોને શ્રાપ છે! કોણ ક્યાં શસ્ત્રના ઉપયોગથી મરી શકે તેમ છે! એની સંપૂર્ણ જાણકારી વિભીષણ પાસે હતી. લક્ષ્મણજી મૂર્છિત થતાં સુશેણ નામના વૈદરાજનું નામ સરનામું પણ હનુમાનજીને તેણે જ આપ્યું હતું.

રાવણ એક વિદ્વાન પુરુષ હતો, અને ધન-ધાન્ય અને એશ્વર્યાથી તેનું રાજ્ય ભરેલું હતું. લંકા પતિ રાવણની ખ્યાતિ પણ ખૂબ હતી, અને દાનવો માં એ લોકપ્રિય પણ હતો. શંકરનો પરમ ઉપાસક અને શરણાગત શિષ્ય હતો, પોતાના નેત્ર કમળ વડે પૂજા કરનાર હતો, તાંડવ સ્તોત્ર ની રચના કરનાર હતો, ઈન્દ્રજીત અને અક્ષય જેવા કેટલાય મહાબલિ પુત્રોનો પિતા હતો, મંદોદરી જેવી સુંદર અને પતિવ્રતા નારીનો પતિ હતો, અને એ ઉપરાંત બીજી પણ સુંદર રાણીઓ હતી,અને આ ઉપરાંત પણ કેટલી બધી ઉપલબ્ધી નો સ્વામિ હતો, અને આમ જુઓ તો તેની જિંદગીમાં કંઈ જ ખૂટતું નહોતું. પરંતુ હદથી વધું, અહંકાર હતો અને એ અહંકાર તેને નીતિ અને અનીતિ વચ્ચેનો ભેદ ભૂલાવતો હતો, અને એને કારણે જ વિભીષણ દ્વારા આપવામાં આવેલી સલાહ તેણે સ્વીકારી નહીં. પોતાની શક્તિ પર વિશ્વાસ કરવો, અને શક્તિનો અહંકાર કરવો આ બંને વાતમાં જમીન આસમાનનો તફાવત છે. વિભીષણ તેને એ જ સમજાવી રહ્યો હતો કે, મને તારી શક્તિ પર શંકા નથી, પરંતુ આ કાર્ય બંને રીતે અનૈતિક છે,એક તો એનાં પતિની ગેરહાજરી નો લાભ લઇ ને અપહરણ કર્યું,અને બીજું સીતાની પણ મરજી નથી, એ જન્મોજન્મ પ્રભુ શ્રી રામનાં ચરણોની દાસી બની રહેશે, પણ લંકા પતિ રાવણની પટરાણી બનવાનું પસંદ નહીં કરે, એવું એણે મોઢામોઢ કહ્યું છે. પરંતુ રાવણ એની આ વાત માની નહીં, અને પોતાના અહંકારમાં માર્યો ગયો. એટલે આપણે જેને આત્મવિશ્વાસ કહીએ છીએ એ ક્યાંક આપણો અહંકાર તો નથી ને! એની સતત જાગૃતિ રાખવી, નહીં તો આ સૂક્ષ્મ ભેદરેખા ક્યારે ઓગળી જાય તે કહેવાય નહીં, અને આપણા પતનનું કારણ બને. વિભીષણના ચરિત્ર માંથી આપણે પણ ધર્મબુદ્ધિ, એટલે કે નીતિ અનીતિ, ધર્મ અધર્મ, અહંકાર અને આત્મવિશ્વાસ, વચ્ચેનાં સુક્ષ્મ તફાવતને પારખીને એ મુજબ જિંદગી ના મહત્વના નિર્ણયો કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### આજે રામકથાના અંતિમ દિવસે સૌ પાસે એક જ દક્ષિણા માંગુ છું કે સૌ પાંચ પાંચ વૃક્ષો તો વાવજો જ : મોરારિબાપુ

# સો હાથે ભલે કમાઓ પણ વૃદ્ધો-વૃક્ષો માટે હજાર હાથે દાન આપો

## રામકથાના નવમા દિવસે વલ્લભ યૂથ ઓર્ગેનાઇઝેશનના વ્રજરાજ કુમાર મહોદય તથા પરમાર્થ નિકેતન આશ્રમ, ઋષિકેશના સ્વામી ચિદાનંદ સરસ્વતીજી ઉપસ્થિત રહ્યા : મોરારિબાપુને 'માનસ કૃષ્ણ' કથા કરવા વ્રજરાજ કુમાર મહોદયશ્રીનું આહવાન

રાજકોટ મિરર, તા.૧

માનસ સદભાવના રામકથાના નવમા દિવસે પૂ. મોરારિબાપુએ પોતાનો નમ્ર મત વ્યક્ત કરતાં કહ્યું કે હવે વૃદ્ધોપનિષદ અને વૃક્ષોપનિષદ રચાવાના શરૂ થઈ ગયા છે. તેમણે કહ્યું કે મને દેશ વિદેશમાંથી સમાચાર મળી રહ્યા છે કે આ કથા સાંભળીને અનેક લોકો વૃક્ષારોપણ કરવા લાગ્યા છે. આજે અંતિમ દિવસે આપની પાસે એક જ દક્ષિણા માંગુ છું કે સૌ પાંચ પાંચ વૃક્ષો તો વાવજો જ.

મોરારિબાપુએ પોતાને આફ્રિકાથી મળેલા કચ્છના એક યુવાનનો સંદેશ વાંચી સાંભળાવતા કહ્યું કે આ છોકરાએ પોતાના મિત્રો સાથે મળીને આફ્રિકામાં ૫૦ વૃક્ષો વાવ્યા તો લંડનથી મળેલા એક ફ્લાવરના સંદેશ મુજબ ત્યાં કેટલાય પરિવારો ૫-૫ વૃક્ષો વાવી રહ્યા છે.

મોરારિબાપુએ આજે આગળ ધપાવેલી રામકથામાં ભગવાન રામના વૈભવ અંગે વાત કરી સમૃદ્ધિ ક્યાંકને ક્યાંક દુખનું બીજારોપણ કરે છે એવું જણાવ્યું બાદમાં કૈકયીનું વચન પાળવા રામે સ્વીકારેલો વનવાસ, ભરતને રાજગાદી બાદ ભરતનું નંદીગ્રામમાં પ્રયાણ, કૌશલ્યાનો વિલાપ, મારીચ સાથે મળીને રાવણે કરાવેલું સીતાનું હરણ, જટાયુની શહીદી, શબરીના આશ્રમે રામનું આગમન, નારદજી સાથે રામનું મિલન, હનુમાનનો લંકા પ્રવેશ, લંકા દહન,સેતુ બંધ અને રામેશ્વરની સ્થાપનાથી લઈ રાવણને મોક્ષ, વિભીષણને રાજ અને રામનું અયોધ્યા આગમન અને રાજ્યાભિષેક સુધીની કથા ભાવથી વર્ણવી હતી.

મોરારિબાપુએ આજે સાત પ્રકારની ઔષધિનો ઉલ્લેખ કર્યો જેમાં ગ્રંથો, ગ્રંથોમાં રહેલું હરીનામ, સુર્ય, ગાયનું દૂધ, બુદ્ધ પુરુષોનો સંગ, વૃદ્ધ અને વૃક્ષને ઔષધિ ગણાવ્યા. તેમણે દરેક ઘરમાં ત્રણ ત્રણ આશ્રમો હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું કે ઘરમાં બાળકો, માતા પિતા અને દાદા દાદી રહેતા હોય ત્યારે ત્રણ આશ્રમોની સ્થાપના આપોઆપ થઈ જાય છે અને આવા ઘરે જ્યારે સન્યાસી ભિક્ષા માટે આવે છે ત્યારે ચોથો આશ્રમ પણ સર્જાય છે.

મોરારિબાપુએ અંતે જણાવ્યું કે અહી સંવાદનું સમાપન નથી થતું પણ નિરંતર સંવાદ ચાલુ રહે એ માટે આપણે સંવાદને અલ્પવિરામ આપીએ છીએ. તેમણે આ કથા વૃદ્ધો અને વૃક્ષોને અર્પણ કરી હતી.

માનસ સદભાવના રામકથાના ૯ માં દિવસે આજે વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશનના વ્રજરાજ કુમાર મહોદય તથા પરમાર્થ નિકેતન આશ્રમ, ઋષિકેશ ના સ્વામી ચિદાનંદ સરસ્વતીજી પધાર્યા હતા. બંનેએ સદભાવનાની વૃદ્ધો અને વૃક્ષોની સેવા માટે બીડું ઝડપ્યું છે. અને અભિનંદન આપ્યા હતા અને આપણે સૌ આ પ્રવૃત્તિમાં જોડાઈ જઈએ તેવી હાંકલ કરી હતી.

પ્રારંભે પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીએ બંને સંતોનો પરિચય આપ્યો હતો બાદમાં વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશનના વ્રજરાજકુમાર મહોદયએ જણાવ્યું કે મોરારિબાપુ આ ઉંમરે પણ આપણને કથા શ્રવણનો લાભ આપે છે એ આપણાં માટે લ્હાવો છે. વ્યાસપીઠ હમેશા લોકોને સન્માર્ગે વાળવાની શીખ આપતી હોય છે. બાપુ વૃક્ષો અને વૃદ્ધો માટે કથા કરી રહ્યા છે એ બહુ મોટી વાત છે કેમ કે સ્કંદ પુરાણમાં એવો ઉલ્લેખ છે કે જે લોકો પીપળો, લીમડો, વડલો, આંબો વાવે છે તેમને ક્યારેય નર્ક મળતું નથી માટે આપણે સૌ આ વૃક્ષો વાવીએ અને ઉછેરીએ.

તેમણે એમ પણ કહ્યું કે સદભાવના વૃદ્ધાશ્રમ માનવતાનું કાર્ય કરે છે અને માનવતાના કાર્યમાં સહયોગ કરનારને કુદરત વ્યાજ સાથે પાછું આપી દે છે. તેમણે પૂ. બાપુને માનસ કૃષ્ણ કથા કરવા માટે પણ વિનય કર્યો. ઉલ્લેખનીય છે કે તેઓ રાજકોટ નજીક સંસ્કાર ધામનું નિર્માણ કરી રહ્યા છે અને વિશ્વના ૫ કરોડ વૈષ્ણવોને એકત્ર કરવાનું મહા અભિયાન કરી રહ્યા છે. વ્રજરાજ કુમાર મહોદય તરફથી સદભાવના વૃદ્ધાશ્રમને ૨.૫ લાખ રૂપિયાનું અનુદાન પ્રસાદ તરીકે પ્રાપ્ત થયું છે.

આ તકે પરમાર્થ નિકેતન આશ્રમ,ઋષિકેશના સ્વામી ચિદાનંદ સરસ્વતીજીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે ગુજરાતીઓ વિશ્વ ભરમાં સથાયો થયા છે. ગુજરાતની પાવન ધરતી એટલે કે શક્તિ, ભક્તિ, સેવા અને સમર્પણની ધરતી. મોરારિબાપુ વર્ષોથી સનાતન ધર્મની ધજા ફરકાવી રહ્યા છે. સનાતન સંસ્કાર માટે, સંસ્કૃતિ માટે બહુ જરૂરી છે. આજે વિચારોનું સંકટ વ્યાપેલું છે ત્યારે રામકથાની બહુ જરૂર છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આપણે ઘણુંબધુ ગુમાવી દીધું છે પણ એની ચર્ચા કરવાને બદલે ઘણું બચ્યું છે એના પર ધ્યાન આપીએ અને સદભાવના વૃદ્ધાશ્રમ વૃક્ષો અને વૃદ્ધો માટે જે અભિયાન ચલાવે છે તેને સંપૂર્ણ સહયોગ કરીએ કેમ કે આપણે ગુજરાન ચલાવવા માટે કમાવું જરૂરી છે તો સો હાથે કમાવ પણ વૃદ્ધો અને વૃક્ષો જેવી સદ પ્રવૃતિ માટે હજાર હાથે દાન કરો. તેમણે સદભાવનાના ધુરાવાહકો વિજયભાઈ ડોબરિયા, મિત્તલ ખેતાણી વગેરેને કોટિ કોટિ અભિનંદન આપ્યા હતા.

તેમણે વિશ્વની અન્ય સંસ્કૃતિમાં માત્ર 'માય વે અથવા નો વે' ની ભાવના વ્યાપેલી છે જ્યારે ભારતીય સંસ્કૃતિમાં અન્યનું કલ્યાણ કરવાની ભાવના સમાયેલી છે. જે ભાવનાને સદભાવના વૃદ્ધાશ્રમ ચરિતાર્થ કરે છે. આજે દ્વારકાના સંત કેશવાનંદજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. આજે પણ લાખો લોકોએ કથાનું શ્રવણ કર્યું અને હજારો લોકોએ પ્રસાદનો લાભ લીધો હતો.



**હવે વૃદ્ધોપનિષદ અને વૃક્ષોપનિષદ રચાવા લાગ્યા છે : મોરારિબાપુ**
**રામ વનવાસથી શરૂ થયેલી આજની કથા રામ રાજ્યાભિષેક સુધી પ્રવાહિત થઈ**

## સદભાવના વૃધ્ધાશ્રમનું સરનામું આપજો વિજયભાઈ ડોબરિયા

### એક પણ રૂપિયો ફી લીધા વગર દીકરા બનીને નિમિત્ત ભાવે સેવા કરીશું

માનસ સદભાવના કથાના પૂર્ણાહૂતિના દિવસે સદભાવના વૃદ્ધાશ્રમના પ્રણેતા વિજયભાઈ ડોબરિયાએ હ્રદયના ભાવ સાથે પૂ. મોરારિબાપુ તેમજ સમગ્ર કાર્યકરોની ટીમનો આભાર વ્યક્ત કરવાની સાથે વૈશ્વિક કથાના મંચ પરથી એવી ખાતરી આપી હતી કે આખા વિશ્વમાં જે કોઈ નિઃસંતાન માવતર હોય કે બીમાર હોય તો તેને સદભાવનાનું સરનામું આપજો અને એની નાત, જાત કે બીમારી પૂછ્યા વગર જિંદગીભર એક પણ પૈસા લીધા વગર સાચવીશું. હાલ ૬૫૦ વડીલોને અમે માવતરની જેમ સાચવી રહ્યા છીએ. રામપર, જામનગર રોડ, રાજકોટ ખાતે નિર્માણ પામનાર સદભાવના વૃદ્ધાશ્રમમાં ૧૪૦૦ રૂમ અને તમામ સુવિધા સાથેના આ સંકુલમાં ૫૦૦૦ માવતરોને જિંદગીભર સાચવી શકાય એવી તમામ વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવી છે.વૃક્ષ બાબતે વિજયભાઈ ડોબરિયાએ જુસ્સાપૂર્વક એવું જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૫૦૦ કરોડના ફંડ દ્વારા 30 લાખ વૃક્ષો વાવી અને ઉછેરી દીધા છે. આજે પણ સદભાવના વૃદ્ધાશ્રમ એક વૃક્ષ ૨૦ ફૂટનો ન થાય ત્યાં સુધી તેને ઉછેરવાની ખાતરી આપે છે. કોઈ પણ આકસ્મિક કે કુદરતી સંજોગોમાં વૃક્ષ ન ઉજરે તો એ જ સ્થળે ફરી નવું વૃક્ષ વાવી દેવામાં આવશે. વૃક્ષ ઉછેરની કામગીરી દરમિયાન સમયાંતરે જે તે દાતાઓને ફોટા પણ મોકલવામાં આવશે. બાપુને વિજયભાઈએ નમ્ર ભાવે એવી અપીલ પણ કરી હતી કે અમારા ૧૫૦ કરોડ વૃક્ષો દેશ ભરમાં વાવવાનાં સંકલ્પને આશીર્વાદ આપી અમારી સાથે રહેજો અને દરેક કથા દરમિયાન વૃક્ષોનો મહિમા કહેતા રહેશો એ પણ અમારા માટે આશીર્વાદ અને સૌથી મોટું દાન હશે.

### ત્રણ હજાર કાર્યકરોનું પ્રતિકાત્મક સન્માન કરતા બાપુ

માનસ સદભાવના કથાના નવે નવ દિવસ દરમ્યાન ત્રણ હજાર જેટલા કાર્યકરોએ હાથપગ હૈયા આપી અવિરત સેવા આપી છે. આજે કથામાં પૂર્ણાહુતિના દિવસે કથા શરૂ થાય એ પહેલા આવા તમામ કાર્યકરોના પ્રતિકરૂપે દેવાંગભાઈ માંકડ, હિતેશભાઈ દોશી, વિપુલભાઈ પાનેલીયા, કેતનભાઈ પટેલ, કિશોરભાઈ વડોદરીયા(ખોડીયાર રાસમંડળ), પૃથ્વીસિંહ જાડેજા(ઘોઘુભા), માધાપર યુવક મંડળ, અમરભાઈ ભાલોડીયા, જગદીશભાઈ વોરા, નેહલબેન વચ્છરાજાની, દિપકભાઈ સાવલિયા(ગણેશ મંડપ સર્વીસ), હિતેશભાઈ વિપુલભાઈ પાનેલીયા, કેતનભાઈ પટેલ, કિશોરભાઈ વડોદરીયા(ખોડીયાર રાસમંડળ), પૃથ્વીસિંહ જાડેજા(ઘોઘુભા), માધાપર યુવક મંડળ, અમરભાઈ ભાલોડીયા, જગદીશભાઈ વોરા, નેહલબેન વચ્છરાજાની, દિપકભાઈ સાવલિયા(ગણેશ મંડપ સર્વીસ), હિતેશભાઈ ચૌહાણ, સદગુરૂ કેટરર્સના ઈડરવાળા જીતુભાઈ સોનીના પુત્ર પ્રતીકભાઈ સોની, પી.આઈ. જણકાત, એલ.ઈ.ડીની સેવા આપનાર જીતુભાઈ અને આખી ટીમ, વલ્લભભાઈ જુંજાળા, દિનેશભાઈ ડોલરીયા, શૈલેષભાઈ શીંગાળાની સુંદર સેવા બદલ પૂ. મોરારિ બાપુના હસ્તે શાલ અર્પણ કરવામાં આવી હતી. સદભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયાએ તમામ ત્રણ હજાર કાર્યકર્તાઓનો અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. સભા સંચાલક મિતલભાઈ ખેતાણીએ ૩ હજાર કાર્યકરોની સેવાઓને વંદન કરીને પ્રતીકાત્મક રીતે આ તમામ કાર્યકરો પાયાના પત્થર છે તેમ જણાવી પૂ. બાપુ પાસે આશિર્વાદ માંગ્યા હતા.

### સદભાવના વૃદ્ધાશ્રમની વૃદ્ધ-વૃક્ષની પ્રવૃતિને અભિનંદન આપતા સ્વામી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ

લાઠી મુકામે મોરારિ બાપુની ૯૦૯મી રામકથા 'માનસ શંકર' દરમિયાન પરમાર્થ નિકેતન આશ્રમ,ઋષિકેશના પ. પૂ સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ પધારેલા હતા. એ સમયે રાજકોટ – ભાવનગર હાઈ વે પર સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વવાયેલા વૃક્ષો અને તેના જતનની કામગીરી જોઈને અત્યંત પ્રભાવિત થયેલા અને ગાડી ઊભી રખાવી નિરીક્ષણ કરીને વિડીયો દ્વારા વૃક્ષનો મહિમા અને સદભાવના વૃદ્ધાશ્રમની કામગીરીને આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા હતા.

### પોથીના પ્રતાપે ક્યાં ક્યાં પહોંચ્યા : પૂ. મોરારિબાપુના વચન

બાપુએ કવિ નીતિન વડગામાની કવિતાને યાદ કરી કહ્યું કે, એમણે લખ્યું કે, 'પોથીના પ્રતાપે ક્યાં ક્યાં પહોંચ્યા...' વાત સાચી. હું તો એક સમયે ડુંગળીનું વાવેતર કરવા જતો. દાડીયે જતો, પણ આ પોથી ક્યાં લઈ ગઈ. પણ આ બહિર્જ નહિ અંતરયાત્રા પણ છે. રાજકોટમાં ઘણાં લોકો કહે છે, બાપુ અમારે ત્યાં આવો. બધાને ત્યાં તો કેમ પહોંચું પણ માટે તો આ કથા થકી મારે બધાના મન સુધી પહોંચવું છે.

### વી હેવ નો વર્ડ

બાપુએ કહ્યું કે, ૧૯૭૫-૭૬માં મારી નૈરોબીમાં કથા હતી. કથા પૂરી થઈને હું ગાડીમાં નીકળ્યો તો એક દીકરી નજીક આવી. એના આંખનો ભાવ જોઈ મે પ્રતિસાદ આપ્યો. બીજા દિવસે મે એના પિતાને કહ્યું કે ચા પીવા આવીશ. હું ગયો તો દીકરી સ્કૂલે ગઈ હતી. એ આવી અને રૂમમાં ગઈ, દફતર મૂક્યું, શૂઝ કાઢ્યા અને આદમકદના અરીસા સામે એ નૃત્ય કરવા લાગી. શબ્દો ન હોય ત્યારે મન નૃત્ય કરવા લાગે છે. હું આ કથામાં વ્યાસપીઠથી નીચે ઉતરી રાસ લેવા લાગ્યો. શબ્દો ન હોય તો આત્મા નૃત્ય કરવા લાગે છે. બાપુએ કહ્યું કે, સ્વામી પરમાત્માનંદજી અને માતાજી મારી પાસે આવીને કથાની સફળતા વિશે કહેતા કે 'નો વર્ડસ.' પણ આજે હું કહું છું કે, 'વી હેવ નો વર્ડ્સ.' વિજયભાઈ બહુ બોલતા નથી પણ જયારે બોલે છે ત્યારે હૃદયથી બોલે છે તેમની આખી ટીમને ખુબ ખુબ ધન્યવાદ અને સાધુવાદ.

### વિજયભાઈને પદ્મશ્રી મળવો જોઈએ : મોરારિબાપુ

બાપુએ સદભાવનાના મોભી વિજયભાઈ ડોબરીયાના સેવાકાર્યની અનુમોદના કરતા કહ્યું કે આ માણસ(વિજયભાઈ ડોબરિયા)ને રાષ્ટ્રીય કક્ષાએ સન્માન મળવું જોઈએ. પદ્મશ્રી મળવો જોઈએ. એ બહુ ઓછું બોલે છે પણ બોલે છે ત્યારે ભાવથી બોલે છે અને એ કંઈ કરે છે એવો કોઈ દાખડો કરતા નથી. નેપથ્યમાં રહે છે. એમની સેવાને મારો સાધુવાદ.

### બાપુના પિતાશ્રીએ જ્યારે કહ્યું કે મારો પાસ તો વ્યાસપીઠ પર બેઠો છે તે છે.

કથામાં સવારે ૭ વાગ્યે આવી જતા શ્રોતાઓને વંદન કરી બાપુએ પોતાના પિતાશ્રીનું પુણ્ય સ્મરણ કર્યું હતું અને કહ્યું કે મારા પિતાશ્રી પ્રભુદાસ બાપા મારી કથા હંમેશા સામે બેસીને જ કથા સાંભળતા, એક વખત તો સ્વયંસેવકોએ અટકાવ્યા હતા અને ''પાસ'' માગ્યો હતો, ત્યારે બાપાએ કહ્યું કે ''મારો પાસ તો વ્યાસપીઠ પર બેઠો છે!''

### સૌના પ્રિય પૂ. મોરારિબાપુની રાજકોટની કથા

સૌના પ્રિય મોરારિબાપુની કથા રાજકોટ મુકામે થઈ ત્યારે આખું રાજકોટ જાણે બાપુમય થઈ ગયું હતું. સદભાવના વૃદ્ધાશ્રમના વૃક્ષો અને વૃદ્ધોની પ્રવૃત્તિ માટે આ કથા થઈ. પૂ. બાપુ પણ વૃક્ષ જેવા પરોપકારી છે. એમના એક સહૃદય સાદે કરોડો રૂપિયાનું ડોનેશન ભેગું થયું છે. જો કે આ પહેલીવાર થયું નથી, બાપુને આવું અનેકવાર સારી પ્રવૃત્તિ માટે ડોનેશન મળ્યું છે. બાપુ દ્વારા આફ્રિકાની કથામાં ભૂખ્યાજનો માટે માત્ર પાંચ મિનિટમાં પાંચ કરોડનું દાન એકત્રિત કરાયું હતું. બાપુ દ્વારા હોસ્પિટલ, કિન્નરો, ગારુડીઓ, દેવીપૂજકો, ગણિકા ઈત્યાદિ વંચિતોના વાણોતર રૂપે કથા કરાઈ છે. કવિશ્રી ઉમાશંકર જોશીના જન્મસ્થળ બામણા મુકામે આખી કથાને સાહિત્યિક સંસ્પર્શ આપી જ્ઞાનપીઠથી વ્યાસપીઠ અને બામણાથી બ્રહ્માંડ સુધી વિસ્તર્યા હતા. બાપુ શિક્ષક હતા ત્યારે ચાર દીવાલનો વર્ગ હતો, હવે ચારે દિશામાં કરોડોનો ચાહકવર્ગ છે. પ્રેમ, પુરુષાર્થ અને પરમેશ્વરનો ત્રિવેણીસંગમ એટલે બાપુ. બાપુ લોકશિક્ષણની યુનિવર્સિટી છે. બાપુનું કશાય આડંબર વગર એમનું સહજસમાધિ જેવું વ્યક્તિત્વ આબાલવૃદ્ધ સૌને સુગંધિત કરતું રહ્યું છે.

### રાજકોટ હવે રંગીલું નહીં પણ હવે 'રામમય' : પરમાત્માનંદ સરસ્વતીજી

(ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીએ આખા રાજકોટને સંબોધન આપતા કહ્યું હતું કે રાજકોટ હવે રંગીલું નહીં પણ હવે 'રામમય' કહેવાશે. સદભાવના વૃદ્ધાશ્રમના માર્ગદર્શક અને સંરક્ષક પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીએ સદભાવના વૃદ્ધાશ્રમ વતી પૂ. મોરારિબાપુનું રામકથા ગાન માટે ઋણસ્વીકાર કર્યું હતું. પૂ. મોરારિબાપુને વૃદ્ધો અને વૃક્ષોના શુભાર્થે ૯ દિવસીય રામકથા રાજકોટના આંગણે, સદભાવના વૃદ્ધાશ્રમના લાભાર્થે કરવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે હું બાપુના પ્રેમ અને કરુણાથી અભિભૂત થયો છું. જ્યારે બાપુએ કથાનું મુહૂર્ત આપ્યું એ પછી અમારી પાસે તૈયારી માટે ૨.૫ મહિના જ હતા.

સદભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરિયાને ચિંતા હતી કે આ આયોજન કેમ થશે પરંતુ અમે સોમેશ્વર મહાદેવને પ્રાર્થના કરી અને આજે વ્યાસની પ્રસન્નતા સાથે માનસ સદભાવના વૈશ્વિક કથાના રૂપમાં પૂર્ણાહુતિ થઈ રહી છે ત્યારે બાપુ પાસે એટલી પ્રાર્થના કરું છું કે હવે ૧૨ વર્ષનો વનવાસ નહીં પણ એક કરોડ વૃક્ષ અમે જલ્દી વાવી દઈએ અને આપ જલ્દી ફરી પધારજો. (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીએ ૩ હજાર જેટલા કાર્યકરો, સદભાવના વૃદ્ધાશ્રમમાં સેવા આપતા ભાઈ બહેનો અને 30 લાખ જેટલા વૃક્ષો વાવનાર ૧૬૦૦ વ્યક્તિઓના સ્ટાફને બાપુના આશીર્વાદ મળે એવી પ્રાર્થના સાથે કથાના ૯ દિવસ હાજર રહી આશીર્વાદ પાઠવનાર તમામ સંતોનો આભાર માનું છું. પૂ. મોરારિબાપુએ સૌ નિમિત્ત આયોજકો અને સેવકોને અભિનંદન આપ્યા હતા.

### પીપળો, લીમડો, વડલો, આંબો વાવે છે તેમને ક્યારેય નર્ક ન મળે વ્રજરાજકુમાર મહોદય

માનસ સદભાવના રામકથામાં વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશનના વ્રજરાજકુમાર મહોદયશ્રી ઉપસ્થિત રહ્યા. વ્રજરાજકુમારજી મહોદય એ જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ૧૮મા વંશજ છે. તેઓ પુષ્ટિમાર્ગ ''વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (વ્યો)'' ની પ્રથમ આધ્યાત્મિક નેટવર્ક સંસ્થાના સ્થાપક અને પ્રેરક છે.વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશનના વ્રજરાજકુમાર મહોદયએ જણાવ્યું કે મોરારિબાપુ આ ઉંમરે પણ આપણને કથા શ્રવણનો લાભ આપે છે એ આપણાં માટે લ્હાવો છે. વ્યાસપીઠ હમેશા લોકોને સન્માર્ગે વાળવાની શીખ આપતી હોય છે. બાપુ વૃક્ષો અને વૃદ્ધો માટે કથા કરી રહ્યા છે એ બહુ મોટી વાત છે કેમ કે સ્કંદ પુરાણમાં એવો ઉલ્લેખ છે કે જે લોકો પીપળો, લીમડો, વડલો, આંબો વાવે છે તેમને ક્યારેય નર્ક મળતું નથી માટે આપણે સૌ આ વૃક્ષો વાવીએ અને ઉછેરીએ.

### મોરારિબાપુ વર્ષોથી સનાતન ધર્મની ફરકાવી રહ્યા છે ધ્વજા : સ્વામી ચિદાનંદ સરસ્વતીજી

પરમાર્થ નિકેતન ભારત દેશના ઉત્તરાખંડ રાજ્યમાં ઋષિકેશ સ્થિત એક સંન્યાસાશ્રમ છે. તે હિમાલય પર્વતશૃંખલાની ગોદમાં ગંગા નદીને કિનારે આવેલ છે. તેની સ્થાપના વર્ષ ૧૯૪૨માં, સંત સુકદેવાનંદજી મહારાજ (૧૯૦૧-૧૯૬૫) દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૮૬થી શ્રી ચિદાનંદ સરસ્વતીજી તેના અધ્યક્ષ છે.પરમાર્થ આશ્રમ ઋષિકેશનો સૌથી મોટો આશ્રમ છે. આ આશ્રમમાં દરરોજ સવારે પૂજા, યોગ અને ધ્યાન, સત્સંગ, વ્યાખ્યાન, કીર્તન, સૂર્યાસ્ત સમયે ગંગા આરતી વગેરે કરવામાં આવે છે. વધુમાં અહીં કુદરતી ઉપચાર, આયુર્વેદ ચિકિત્સા અને આયુર્વેદ તાલીમ વગેરે પણ આપવામાં આવે છે. પરમાર્થ નિકેતન આશ્રમ,ઋષિકેશના અધ્યક્ષ પ. પૂ સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે ગુજરાતીઓ વિશ્વ ભરમાં સ્થાયી થયા છે. ગુજરાતની પાવન ધરતી એટલે કે શક્તિ, ભક્તિ, સેવા અને સમર્પણની ધરતી. મોરારિબાપુ વર્ષોથી સનાતન ધર્મની ધજા ફરકાવી રહ્યા છે. સનાતન સંસ્કાર માટે, સંસ્કૃતિ માટે બહુ જરૂરી છે. આજે વિચારોનું સંકટ વ્યાપેલું છે ત્યારે રામકથાની બહુ જરૂર છે.

### દિવ્યાંગો માટે અલાયદી વ્યવસ્થા

મોરારિબાપુની રામકથા 'માનસ સદભાવના'માં દિવ્યાંગો માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌ દિવ્યાંગ બાળકો પોતાના પરિવાર સહ બાપુની નજીક બેસીને રામાયણની કથા સાંભળી શકે અને બાપુના દર્શન કરી શકે એ માટે એક અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી. સેંકડો દિવ્યાંગોએ તેમના માટે કરવામાં આવેલી આ અલાયદી વ્યવસ્થાનો લાભ લીધો હતો.

### મોરારિબાપુના ચૂંટેલા વચનો

- શિષ્ય તો ગુરૂને ફુલ જ આપી શકે તેનું ફળ તો ગુરૂ જ આપી શકે.
- અહંકારનું ધનુષ નહી તુટે ત્યાં સુધી ભક્તિની જપમાળા નહી વરે
- હે પ્રભુ અમને આશીર્વાદ આપો, જેમ ઝાડવા વિકસે એમ અમે વિકસીએ.
- ગાયનું દુધ અમૃત છે, તેનું સેવન કરવું જોઈએ.
- સવારનાં ગાયના દૂધ કરતા સાંજનું ગાયનું દુધ વધારે પવિત્ર છે અને ઔષધીય છે.
- સુર્ય ઔષધી છે.
- શાસ્ત્ર ઔષધી છે.
- હરીનું નામ ઔષધી છે.
- ગાયનું દૂધ ઔષધી છે.
- વૃદ્ધ, વૃધ્ધ પુરૂષનો શબ્દ, સ્પર્શ ઔષધી છે.
- 'ભલુ કરજો' એ સિધ્ધ મંત્ર છે.
- સાધુ આપણને વૃક્ષ જેવો દેખાય અને વૃક્ષ આપણને સાધુ જેવું દેખાવું જોઈએ
- સાધુ એટલે વૃક્ષ
- હું પોથીને પ્રતાપે ક્યાં પહોંચ્યો

# થોરાળા વિસ્તારની ૧.૩૦ લાખની ઘરફોડી કરનાર તસ્કર ઝડપાયો

## થોરાળા પોલીસે ચોરીમાં ગયેલી તમામ રકમ સાથે દબોચી લીધો

રાજકોટ મિરર, તા.૧

શહેરના નવા થોરાળા વિસ્તારમાં મકાને તાળું મારી શ્રીમંતના પ્રસંગમાં ગયેલ પરિવારના મકાનમાં પ્રવેશેલા તસ્કરો રોકડા રૂપિયા એક લાખ ૩૦ હજારની ચોરી કરી હતી. જે બનાવનો થોરાળા પોલીસે ભેદ ઉકેલ નાખી તસ્કરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

.પ્રાપ્ત વિગતો મુજબ શહેરના બાપાસીતારામ નગર શેરી નંબર ૨, થોરાળા મેઈન રોડ, ચનાભાઈની હોટલ સામે રહેતા સંગીતાબેન વિનુભાઈ ગોહેલ પોતાના જંગલેશ્વર વિસ્તારમાં રહેતા વિજયભાઈના ઘરે તેમના પત્ની કોમલબેનના શ્રીમંત પ્રસંગે ગયા હતા.

ત્યારે આ બંધ મકાનને જોઈને કોઈ તસ્કરે ઘરમાં પ્રવેશીને રોકડ એક લાખ ત્રીસ હજારની ચોરી કરીને નાસી ગયો હતો.

આ બનાવની થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે



સઘન તપાસ હતી. દરમિયાન પીઆઇ એન.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવીને તસ્કરનું પગેરું મેળવવા માટે કવાયત આદરી હતી. બીજી બાજુ પીએસઆઇ એમ.એસ મહેશ્વરી તથા સર્વેલન્સ સ્કવોડના માણસો તપાસમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ પરમાર તેમજ પોલીસ કોસ્ટેબલ જયરાજસિંહ કોટીલાને બાતમી મળી હતી કે હુન્ડાઈના શોરૂમની આગળ, ૮૦ ફુટ રોડ ઉપર એક શખ્સ શંકાસ્પદ હાલતમાં ઉભો છે.

બાતમી મળતા જ પોલીસે ત્યાં પહોંચી જઈને શંકાસ્પદ શખ્સની અંગજડતી કરતા તેમની પાસેથી રોકડ રૂપિયા એક લાખ ત્રીસ હજાર મળી આવ્યા હતા. દરમિયાન પોલીસે તેમની આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સે પોતાનું નામ કિરણ કાળું સોલંકી (રહેવાસી હાલ નાળોદા સોસાયટી, હુડકો ચોકડીની બાજુમાં ઓરડીમાં દુધીબેનના મકાનમાં ભાડેથી રહેતો હોવાનું તેમજ મૂળ મુબારક બાગ, કાળવા ચોક, જુનાગઢ નો હોવાનું કબૂલ્યું હતું.

દરમિયાન ટેકનિકલ સોર્સીસ ના આધારે પોલીસે કિરણ કાળું સોલંકીનો ગુનાહિત ઈતિહાસ તપાસતા તેમની સામે જુનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં, પોરબંદર ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં, તેમજ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં તથા જૂનાગઢ બી ડિવિઝનમાં મળી કુલ સાતેક ગુના નોંધાયા હોવાનું બહાર આવ્યું છે. તસ્કરે ચોરીમાં ગયેલા તમામ મુદ્દામાલ સાથે પકડી પાડવા માટે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એન.જી. વાઘેલા, પી.એસ.આઇ.એમ.એસ. મહેશ્વરી, એએસઆઇ રાજેશભાઈ મેર, હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ પરમાર, ભરતસિંહ પરમાર, જયદીપસિંહ જાડેજા, હસમુખભાઈ નીનામા, પોલીસ કોન્સ્ટેબલ નિલેશભાઈ ચૌહાણ તેમજ જયરાજસિંહ કોટીલા રોકાયા હતા.

### પોપટપરામાં રૂ.૫૫ હજારની તસ્કરી

શહેરના પોપટપરા શેરી નંબર૧૦, ગવર્મેન્ટ સ્કૂલ નંબર ૩૩ પાછળ રહેતા હિતેશભાઈ ચંદ્રવદનભાઈ ડોડીયાએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં પોતાના ઘરમાં રોકડ તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૫૫ હજારની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં હિતેશભાઈ જણાવ્યું છે કે પોતે ઉપરના સરનામે રહે છે અને મેટોડા જીઆઇડીસી માં સીએનસી મશીનમાં કામકાજ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૨૭મી ઓક્ટોબરના રોજ તેમના સસરા ધીરુભાઈ પીઠવાનું અવસાન થયેલ હોવાથી તેઓ તેમજ તેમની પત્ની એમ બંને જણા બપોરના બે વાગ્યાની આસપાસ, બગસરા તાલુકાના ઉમરાળી ગામે ગયા હતા અને તેમના ઘરે તેમના વયો વદ્ધ માતા એકલા હતા. તારીખ ૨૯ ના રોજ હિતેશભાઈ પરત પોતાના ઘરે રાજકોટ આવતા તેમના માતાએ રૂપિયા 3000 કે જે તેમની પત્નીને સાચવવા આપ્યા હતા તે માગ્યા હતા. ત્યારે હિતેશભાઈએ પોતાના રૂમમાં પડેલા લોખંડના કબાટમાં તપાસ કરતા રોકડ રકમ તેમજ સોનાનો ચેન, સોનાનો કઈડો નજરમાં નહીં આવતા ચારે બાજુ તપાસ કરી હતી. પરંતુ રોકડ રકમ અને સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૫૫ 000 ની મતાની ચોરી થયા નહીં નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રો.પીએસઆઈ જે.બી. રાણીંગા દ્વારા આ બનાવની વધુ તપાસ હાથ ધરાઈ છે.

# હવે સરકારમાં નકલી મંત્રાલય વિભાગ પણ કરો જાહેર : કોંગ્રેસ

## ગુજરાતમાં એક વર્ષમાં ૨૦ નકલી અધિકારી પકડાતા શહેર કોંગ્રેસે કરી આવી માંગ



ગુજરાતમાં નકલી અધિકારી ક્યાથી પકડાયા

| ક્રમ | વર્ષ | નકલી અધિકારીનું નામ | નકલી હોદો | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ઓક્ટોબર, ૨૪ | રોહિત પરમાર | નકલી વકીલ | કેસ લડવા માટે દોઢ લાખ ફી લેતા ખબર પડી. |
| ૨ | ઓક્ટોબર, ૨૪ | બ્રિજેશ પરમાર | નકલી શિક્ષણ સચિવ | શિક્ષકનો નકલી ઓર્ડર કરી દીધો. |
| ૩ | ઓક્ટોબર, ૨૪ | મોરિસ ક્રિશ્ચિયન | નકલી જજ | અમદાવાદ માં નકલી કોર્ટ ચલાવતો હતો. |
| ૪ | સપ્ટેમ્બર, ૨૪ | હિમાંશુ રાય | નકલી કસ્ટમ અધિકારી | સુરતના વરાછામાથી પકડાયો. |
| ૫ | સપ્ટેમ્બર, ૨૪ | પ્રકાશ નાઇ | નકલી ડે. કલેક્ટર | બાયડમાથી ઝડપાયો. |
| ૬ | સપ્ટેમ્બર, ૨૪ | હિતેશ્વર મોરિ | નકલી સીબીઆઇ | ભાજપનો કોર્પોરેટર પકડાયો. |
| ૭ | સપ્ટેમ્બર, ૨૪ | ભરત છાબડા | નકલી અધિકારી | નેતા સાથે ફોટા દેખાડી છેતરપિંડી કરતો. |
| ૮ | ઓગસ્ટ,૨૪ | પ્રદીપ પટેલ | નકલી આઇપીએસ | કામરેજ માઠી પકડાયો. |
| ૯ | ઓગસ્ટ,૨૪ | તરુણ ભટ્ટ | નકલી સીઆઇડી | મહિલા ને પજવણી કરતો પકડાયો. |
| ૧૦ | એપ્રિલ,૨૪ | સીરીશ ઘોષ | નકલી અધિકારી | ગુજરાત યુનિવર્સિટી પોલીસે પકડયો. |
| ૧૧ | માર્ચ,૨૩ | મયુર તડવી | નકલી પીએસઆઇ | કરાઇ માં ટ્રેનીંગ લેતો પકડાયો. |
| ૧૨ | એપ્રિલ,૨૩ | કિરણ પટેલ | નકલી પીએમઓ અધિકારી | કાશ્મીરથી પકડાયો. |
| ૧૩ | એપ્રિલ,૨૩ | સંજય શેરપુરીયા | નકલી પીએમઓ | કોર્પોરેટ કંપનીઓને છેતરી. |
| ૧૪ | ઓગસ્ટ,૨૩ | લવકુશ દ્રીવેદી | નકલી સીએમઓ | રાજકીય સબંધ રાખી છેતરપિંડી આચરી. |
| ૧૫ | ઓગસ્ટ,૨૩ | નિકુંજ પટેલ | નકલી સીએમઓ | પોલીસને આરોપીને છોડી મૂકવા ભલામણ કરી. |
| ૧૬ | ઓગસ્ટ,૨૩ | ઓમવીરસિંહ | નકલી ઇડી અધિકારી | ------------------------ |
| ૧૭ | ઓગસ્ટ,૨૩ | ગુંજન કાંતિયા | નકલી એનઆઇએ | સરકારી કચેરીમાથી પકડાયો. |
| ૧૮ | ઓક્ટોબર,૨૩ | નેહા પટેલ | નકલી ડે. કલેક્ટર | માંડવી તાલુકામાથી કૌભાંડ પકડાયું. |
| ૧૯ | નવેમ્બર,૨૩ | પુણ્યદેવ રાય | નકલી અધિકારી | ગાંધીનગર પોલીસ ભવનમાથી પકડાયો. |
| ૨૦ | નવેમ્બર,૨૩ | વિરાજ પટેલ | નકલી સીએમઓ | વડોદરામાથી પકડાયો. |

રાજકોટ, તા.૧

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાંથી નકલી સરકારી ઓફિસ, નકલી અધિકારી, નકલી શાળા ચાલતી હોવાના ખુલાસાઓ થયા છે. રાજ્યમાં નકલી સીએમઓથી લઈ નકલી જજ પકડાયા છે, જેને લઈ હજુ સુધી કોઈ અસરકારક પરિણામો બહાર આવ્યા ન હોવાથી હવે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સરકાર પાસે નકલી મંત્રાલય વિભાગ જાહેર કરવા માંગણી કરવામાં આવી હતી.

રાજકોટ કોંગ્રેસના અતુલ રાજાણીએ જણાવ્યું, રાજ્યમાં સમયાંતરે પકડતા નકલી અધિકારીઓના કારણે ગાંધી અને સરદારનું ગુજરાત રાજયના નબળા વહીવટને કારણે દેશમાં બદનામ થઈ રહ્યું છે. સરકારમાં પી.એમ અને સી.એમ પણ વારંવાર કહેતા હોય છે કે વિરોધ પક્ષ કોઈ સારું સૂચન કરે તો અમે કરવા તૈયાર જ હોઈ છીએ. રાજ્યની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સરકારને નકલી મંત્રાલય વિભાગ જાહેર કરવા માંગ કરે છે.

તેમણે કહ્યું, આજે એક પણ મંત્રાલય કે વિભાગ એવો નથી જ્યાં કોઈ નકલી ના પકડાયો હોય. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને આગામી વિધાનસભામાં આ નકલીઓને ડામવાનો કડક કાયદો લાવવામાં આવે તેવી માંગ છે. તેમજ બીજા મંત્રાલયની જેમજ નકલી મંત્રાલયમાં કેબિનેટ મંત્રી, રાજય કક્ષાના મંત્રી તથા અગ્ર સચિવ, સચિવનું સંપૂર્ણ મહેકમ મંજૂર કરવામાં આવે. જેથી ગુજરાતના કરોડો લોકોની સેવા કરી શકે અને બીજા વિભાગને પણ આ નકલીઓના સામ્રાજય ડામવામાંથી મુક્તિ મળી શકે. ગુજરાતનું ક્યું મંત્રાલય નકલીમાંથી મુક્ત રહ્યું તેને લઈ અમે ઈનામ જાહેર કરીશું.

# PMJAYમાં હવે ગોબાચારી નહી ચાલે



## ખોટા ઓપરેશન કરતા હો તો ચેતી જજો, સરકારે કર્યા અનેક ફેરફાર

રાજકોટ મિરર, અમદાવાદ તા.૧

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બે લોકોના ખોટા ઓપરેશન બાદ સફળી જાગેલી સરકારે હવે પીએમજેએવાયના નિયમોમાં ફેરફાર કર્યો છે. સરકારે આ યોજના સાથે સંકળાયેલી માર્ગદર્શિકા તૈયાર કરી છે. જેનો ટૂંક સમયમાં અમલ કરવામાં આવશે. જે મુજબ એન્જિયોપ્લાસ્ટી, એન્જિયોગ્રાફીની સર્જરીનો વીડિયો અપલોડ કરવો પડશે. આ યોજનાના અમલીકરણ માટે નવું પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

### હોસ્પિટલની વિઝિટ કરી રિપોર્ટ મંગાવવામાં આવશે

આ ઉપરાંત બાળ રોગ, રેડિયો અને કિમોથેરાપી, કાર્ડિયોવાસ્ક્યુલર જેવા રોગની સારવારના સંદર્ભમાં પણ નવા નિયમો લાગુ પડશે. વિવિધ હોસ્પિટલોમાં થતાં કૌભાંડને ડામવા સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટને વધુ સુદ્રઢ બનાવવા રાષ્ટ્રીય એન્ટી ફ્રોડ યુનિટની મદદ લેવાશે. રાજ્ય-જિલ્લા સ્તરે નવી ટીમ બનાવી સમયાંતરે હોસ્પિટલની વિઝિટ કરી રિપોર્ટ મંગાવવામાં આવશે. સ્ટેન્ટ અને ઈમ્પ્લાન્ટ્સ ગુણવત્તાની ચકાસણી કરાશે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, મેડિકલ ઓફિસર ઓફ હેલ્થને ઓછામાં ઓછી બે પીએમજેએવાય હોસ્પિટલોની ઓડિટ વિઝિટ કરવી પડશે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પેટેલે એક સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં ઉપરોક્ત મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

### આરોપીઓને જેલમાં મોકલવામાં આવ્યા

ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં પકડાયેલા પાંચ આરોપી મેહુલ જૈન, સીઈઓ ચિરાગ રાજપૂત, પ્રતીક ભટ્ટ, પંકિલ પટેલ, મિલિન્દ પટેલના રિમાન્ડ પૂર્ણ થતાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે તમામને જેલમાં મોકલવા આદશે કર્યો હતો. જ્યારે સંજય પટોલિયા અને રાજશ્રી કોઠારીએ આગોતરા જામીન અરજી કરી હતી. ઉલ્લેખનીય છે કે ખ્યાતિ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલનો માલિક કાર્તિક પટેલ ધરપકડથી બચવા ભાગી રહ્યો છે.પહેલા ઑસ્ટ્રેલિયા વેકેશન માણવા ગયા પછી ત્યાંથી ન્યૂઝીલેન્ડ જતો રહ્યો હતો અને હવે કતારમાં છુપાયો હોવાની આશંકા છે.

### હોસ્પિટલની ૭૦ ટકા આવક સરકારી યોજનામાંથી થતી

ડોક્ટર પ્રશાંતની ધરપકડ બાદ પકડાયેલા આરોપીની પૂછપરછમાં ક્રાઈમ બ્રાંચને જાણવા મળ્યું કે, હોસ્પિટની ૭૦ ટકા આવક સરકારી યોજનામાંથી અને 30 ટકા આવક જનરલ ઓપીડી તથા સર્જરીથી થતી હતી. સરકાર યોજનાના માધ્યમથી હોસ્પિટલે માર્ચ ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૪ સુધી ૧૧ કરોડ રૂપિયા એક્ત્ર કર્યા હતા. ક્રાઈમ બ્રાંચને ખ્યાતિ હોસ્પિટલમાંથી બે પ્રકારના રજિસ્ટર પણ મળ્યા છે. એકમાં પાકી અને બીજીમાં કાચી એન્ટ્રી થતી હતી. આ રેકોર્ડ સીઈઓ રાહુલ મેંટેન કરતો હતો

# માલીયાસણ નજીક ગૌરક્ષક સાથે બકરા ભરીને આવતા શખ્શો વચ્ચે બબાલ

## પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ,તા. ૧

શહેરની ભાગોળે કુવાડવા હાઈવે પર માલીયાસણ નજીક ગૌરક્ષકો અને બકરાં લઈને આવતી ટોળકી વચ્ચે મારામારી થઈ હતી. જેમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. આ અંગે પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ ગૌરક્ષકોને બાતમી મળી હતી કે ચોટીલાથી ૨૩ બકરાં ઈકો ગાડીમાં ભરાઈને રાજકોટ આવી રહ્યા છે.જેથી ગૌરક્ષકો થાન પહોંચ્યા હતા અને ત્યાંથી ઈકો કારેનો પીછો કરી રહ્યા હતા. કાર ચલાવી રહેલા મજીદ ઉર્ફે મજલો ઉર્ફે કરીમભાઈ માંડિલયા (રહે. રાજકોટ)ને તેની ગાડીનો પીછો થઈ રહ્યાનું જણાતા તેણે કાર ભગાવી હતી. જેથી કુવાડવા નજીક પહોંચતા કારનું ટાયર ફાટતા છતાં તેણે કાર ચલાવે રાખી હતી.બાદમાં માલિયાસણ ગામે આઈઓસી પ્લાન્ટ સામે જલાલશાપીરની દરગાહ પાસે ગાડી ઉભી રખાવતાં હરેશ ચૌહાણ, વિશાલ, વિપુલ ઉર્ફે ભોલું સહિતનાએ ગાડી પકડી પાડી હતી.

દરમિયાન ગૌરક્ષકો અને બકરાં લાવનાર પિતા-પુત્ર વચ્ચે છૂટાહાથની મારામારી થતાં વિપુલ ઉર્ફે ભોલુ નામના ગૌરક્ષકને નાકમાં ઈજા પહોંચી હતી તો સામેપક્ષે મજીદને હાથ અને પેટના ભાગે છરી લાગી હતી.

આ અંગે કૂવાડવા રોડ પોલીસ મથકમાં મજીદ ઉર્ફે મજલો કરીમભાઈ માંડલિયાએ નંબર વગરની કારમાં આવેલા પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામા પક્ષે ગૌરક્ષક વિપુલ ઉર્ફે ભોલુ ભરતભાઈ સાકરિયાએ ઈકો કારના ચાલક અને તેની સાથેના શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# ગુજરાતમાં પડશે કડકડતી ઠંડી



રાજકોટ મિરર, તા.૧

ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં આગામી દિવસોમાં વધુ ઠંડીનો અનુભવ થશે. પવનોની દિશા બદલાતા રાજયમાં ઠંડી વધશે. શનિવારે રાજકોટ ૧૩ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર બન્યું હતું, હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૩ દિવસ સુધી ઠંડીનું જોર યથાવત રહી શકે છે. રાજય સરકારે તમામ જિલ્લા અને મહાનગરોમાં લોકોને ઠંડીથી બચવા લેવાના થતા રક્ષણાત્મક પગલા અંગે ગાઈડલાઈન જાહેર કરી છે. શહેર મનપાના આરોગ્ય અધિકારી દ્વારા લોકો માટે એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે.

સરકારની ગાઈડલાઈનમાં શું છે

રાજ્યમાં હાલમાં ઠંડીની અસર જોવા મળી રહી છે ત્યાકે રક્ષણાત્મક પગલા લેવા જરૂરી છે. જે અન્વયે જરૂરી બાબતો ધ્યાને લેવા માટે આરોગ્ય સલાહ આપવામાં આવે છે. અતિશય ઠંડી જેને ઠંડીનું મોજું કે શીત લહેર કહેવામાં આવે છે ત્યારે સામાન્ય જનતાને સરકાર દ્વારા માર્ગદર્શન અપાયું છે.

શીત લહેર દરમિયાન વિવિધ પ્રકારના રોગોની શક્યતાઓ વધી જાય છે. ઉદાહરણ તરીકે ફ્લુ, શરદી, ઉધરસ વગેરેના લક્ષણો જોવા મળે તો સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ અથવા ડોકટરનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી છે. શીત લહેર દરમિયાન લુઝ-ફિટિંગ અને સુતરાઉ કપડાં બહારની તરફ અને ગરમ કપડાં અંદરની તરફ પહેરો.શીત લહેર દરમિયાન શક્ય તેટલું ઘરની અંદર રહો અને જો અતિ આવશ્યક જરૂરીયાત હોય જ તો ઘરની બહાર નીકળો. અતિશય ઠંડી (શીત લહેર) દરમિયાન ડાયાબિટીસ, હાઈ-બ્લડ પ્રેશર, શ્વસન સંબંધી રોગો જેવા ક્રોનિક રોગોવાળા દર્દીઓએ, વૃદ્ધ પુરુષો/મહિલાઓ જેમની ઉંમર ૬૫ વર્ષથી વધુ છે, ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, સગર્ભા સ્ત્રીઓ વગેરેની આવી પરિસ્થિતિમાં ખાસ કાળજી લેવી જોઈએ.

# રાજકોટ બાર એસોસિએશનની વેબ સાઈટનું લોન્ચિંગ

## ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસની હાજરીમાં ઈ-ડિરેક્ટરીનું વિમોચન : સંગીત સંધ્યામાં વકીલોએ ગાયા જૂના ગીતો

રાજકોટ, તા.૧

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવ અને રાજકોટ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ વી. બી. ગોહિલ અને ફેમિલી કોર્ટના પ્રિન્સીપાલ જજ બી. એસ. પરમારની ઉપસ્થિતિમાં આજે સાંજે અહીં ખાનગી પાર્ટી પ્લોટમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજકોટ બાર એસોસિએશનની વેબસાઈટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું તો ડિરેક્ટરીનું પણ વિમોચન કરાવ્યું હતું. આ તકે યોજાયેલી સંગીત સંધ્યામાં વકીલોએ જૂના ફિલ્મી ગીતો લલકાર્યા હતા.

રાજકોટ બાર એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ સુરેશ ફળદુએ જણાવ્યું હતું કે, રાજકોટ બાર એસોસિએશનના ઈતિહાસની ત્રિવિધ ઘટના છે. રાજકોટ બાર એસોસિયેશનની ઈ ડિરેક્ટરી અને વેબ સાઈટ લોન્ચિંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. એડવોકેટ ડિરેક્ટરી વર્ષ ૨૦૧૬માં



રાજકોટ બાર એસોસિયેશનની બનાવવામાં આવી હતી. જે પછી આ પ્રથમ વખત ડિરેક્ટરી બનવા જઈ રહી છે. આ ડિરેક્ટરી એવા પ્રકારની છે કે, જેમાં ફોટો, બ્લડ ગ્રુપ, મોબાઈલ નંબર, રહેણાંકનું એડ્રેસ, સનદ નંબર સહિતની માહિતી આ ડિરેક્ટરીમાંથી મળી રહેશે. આ ઉપરાંત કોઈ ફિઝિકલ ડિરેક્ટરી રાખવા ઇચ્છતા નથી તો તેના માટે મોબાઇલમાં ઈ ડિરેક્ટરી પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ બાર એસોસિએશનની અત્યાર સુધી વેબસાઈટ ન હતી. જે વેબસાઈટનું લોન્ચિંગ આજે કરવામાં આવ્યું હતું. વેબસાઈટમાં રાજકોટ બાર એસોસિયેશનનો અત્યાર સુધીનો ઈતિહાસ વર્ણવવામાં આવેલો છે. આ ઉપરાંત રાજકોટ બાર એસોસિયેશન દ્વારા કરવામાં આવેલા અલગ અલગ પ્રકારના કાર્યોની રૂપરેખા હશે.

વિશ્વાસે તોડ્યો વિશ્વાસ

# સાસણ:વિશ્વાસ કન્સ્ટ્રક્શનનો ભાંડો ફૂટ્યો
# ૪ ટન રેતી વધારે ખોટુ બિલ બનવી દર્શાવી

## બિલ્ડરે ક્રોસ ચેક કરાવતા સત્ય પ્રકાશમાં આવ્યું: વિશ્વાસ કન્સ્ટ્રકશન સાથે દ્વારકેશ વે બ્રીજની સાઠગાંઠ હોવાનો જાણકારોમાં ચર્ચા





રાજકોટ,તા.૧

ગીર સોમનાથ જિલ્લાના સાસણ તાલુકામાં વિશ્વાસ કન્સ્ટ્રક્શન રેતીના ધંધાર્થી પેઢીએ બિલ્ડરને ૪ ટન રેતી ખોટી રીતે બિલમાં વધારે બતાવી બિલ કૌભાંડનો કિસ્સો સામે આવ્યો છે. કન્સ્ટ્રક્શન લાઈનમાં પણ ગેરરીટીયો થતી જ હોય છે તેનો ચોકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વિશ્વાસ કન્સ્ટ્રક્શન નામની પેઢી રેતી નો ધંધો કરી રહી છે. બિલ્ડરોને રેતી પહોંચાડવામાં જ્યારે કોન્ટ્રાક્ટ મળે તેમાં પણ ગેરરીતી કરી છે. બિલ્ડરોને ૫૧૧૫૦ કિલો ગ્રામ વધારે ટન રેતીનું ખોટુ બિલ બનાવી પધરવામાં આવ્યાનો કારસ્તાન કર્યો હતો.

દ્વારકેશ વે બ્રિજમાં ખોટુ બિલ બનાવમાં અવાયું છે. વિશ્વાસ કન્સ્ટ્રકશન સાથે દ્વારકેશ વે બ્રીજની સાઠગાંઠ હોવાનો જાણકારોમાં ચર્ચાએ જોર પકડ્યો છે. એક બિલ્ડરે આ સમગ્ર ઘટનાનો ભાંડો ફોડ્યો છે.બિલ્ડર દ્વારા વિશ્વાસ કન્સ્ટ્રકશનને મોકલાવેલી રેતેની ગાડીમાં દ્વારકેશ વે બ્રિજની ખોટા બિલ પર શંકા જતા સતર્કતાભેર બિલ્ડરે મધુરમ વે બ્રિજમાં રેતી ભરેલી ગાડીનો વજન કરાવતા ૪૮૪૬૫ કિલો ગ્રામ વજન થયો હતો.ક્રોસ ચેક કરવામાં સત્ય પ્રકાશમાં આવ્યું હતું. ઘટના પ્રકાશમાં આવતા જ વિશ્વાસ કન્સ્ટ્રક્શનએ વિશ્વાસ તોડ્યો એવું બહાર આવ્યું છે.બિલ્ડરની સજાગતાએ સમગ્ર કારસ્તાનનો પર્દાફાશ કર્યો હતો.વિશ્વાસ કન્સ્ટ્રક્શનનો ખોટા બિલ બનાવી વધારે રેતી પધરાવવાનો ભાંડો ફૂટ્યો હતો. હવે કોઈ પણ ધંધામાં વિશ્વસનીયતાની રહી નથી.લોકો ફ્રોડ ચિટીંગ કરવામાં શરમ નેવે મૂકી રહ્યા છે તેનું આ દ્રષ્ટાંત સામે આવ્યું છે.બિલ્ડરે તાત્કાલિક ધોરણે પગલાં લઈ આગળની કાર્યવાહી કરવાની શરૂ કરી છે .આવી અનેક ઘટનાઓ અવારનવાર પ્રકાશમાં આવતી હોય છે.જાગૃત બિલ્ડરે આવા ફ્રોડ આચરતા કન્સ્ટ્રકશન રેતીના ધંધાર્થીઓ સામે રેતીના દૂષણને અટકાવવા અવાજ ઉઠાવ્યો છે.અન્ય બિલ્ડરોએ આવા કિસ્સાઓને ધ્યાને લેવા જરૂરી છે. રેતીના ધંધાર્થી પેઢીઓ જે ગેરરીતી આચરે છે તેને રોક લગાવવા હવે મેદાને ખુદ ભોગ બનનારે સામુ આવું પડશે.

# ધારી બની રાજ્યની ૧૬૦મી નગરપાલિકા

## ધારીને મળ્યો નગરપાલિકાનો દરજ્જો; ઈડર નગરપાલિકાની વધારાશે હદ

રાજકોટ મિરર, ગાંધીનગર, તા.૧

અમરેલી જિલ્લાના ધારીને નવી નગરપાલિકા બનાવવાની મંજૂરી આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. ધારી ગ્રામ પંચાયતની નજીકના વિસ્તારના પ્રેમપરા, હરિપરા, વેકરીયાપરા, નવાપરા-લાઈનપરા જૂથ ગ્રામપંચાયત ભેળવી દઈને આ નવી ધારી નગરપાલિકા બનાવવામાં આવશે. આ સિવાય ઈડર નગરપાલિકાની હદ વધારવામાં આવશે. ધારી રાજ્યમાં ૧૬૦મી નગરપાલિકા બનશે.

**ગીર નજીકનું પ્રવાસન કેન્દ્ર**

અમરેલી જિલ્લામાં ગીરના જંગલના સીમાડે આંબરડી સફારી પાર્ક તથા પ્રાચીન ગળધરા ખોડીયાર મંદિરથી ૬ કિલોમીટરના અંતરે ધારી વસેલું છે. એટલું જ નહિં, ધારીમાં ગીર પૂર્વ અભયારણ્ય અને જંગલ વિસ્તાર આવેલા હોઈ મોટી સંખ્યામાં વર્ષ દરમ્યાન પ્રવાસીઓ આવતા રહે છે.

**જંગલની આગની મળશે અગ્નિશમન સેવાઓ**

એટલું જ નહિં, ધારી તાલુકાના ૨૫ જેટલા ગામો જંગલ વિસ્તારના હોવાથી ક્યારેક જંગલની આગના બનાવો બને તેવા સમયે ફાયર ફાઈટર અને અગ્નિશમન સેવાઓ પણ આ નગરપાલિકા દ્વારા સરળતાએ સમયસર મળે તેવો આશય પણ નગરપાલિકાની રચનામાં રહેલો છે.

**ઈડર નગરપાલિકાનો વિસ્તાર વધ્યો**

આ ઉપરાંત રાજ્ય સરકારે સાબરકાંઠાની ઈડર નગરપાલિકામાં જવાનપુરા-સદાતપુરા ગામ અને સોસાયટી વિસ્તારનો પણ સમાવેશ કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. ઘણા લાંબા સમયની માંગણીનો રાજ્ય સરકારે સકારાત્મક પ્રતિસાદ આપીને આ બે ગ્રામપંચાયતોનો ઈડર નગરપાલિકામાં મર્જ કરવા નિર્ણય કર્યો છે.

રાજ્યની ૧૬૦મી નગરપાલિકા

હાલ રાજ્યમાં 'અ' વર્ગની ૨૨, 'બ' વર્ગની ૩૦, 'ક' વર્ગની ૬૦ અને 'ડ' વર્ગની ૪૨ મળી કુલ ૧૫૯ નગરપાલિકાઓ કાર્યરત છે.

હવે તેમાં આ નવી 'ડ' વર્ગની નગરપાલિકા ધારી નગરપાલિકાનો ઉમેરો થશે.

# સદભાવના વૃદ્ધાશ્રમને નિઃસંતાન, નિરાધાર માવતર જોઈએ છે નિઃશુલ્ક પ્રવેશ અપાશે

## કેન્સરગ્રસ્ત હોય એવા વડીલોને પણ પ્રવેશ અપાશે

રાજકોટ મિરર, તા.૧

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાઘાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૨૦૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે સદભાવના વૃદ્ધાશ્રમ (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# જીલ્લાની શાળાઓને ટોબેકો ફ્રી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટકરવા સેટકોમનું આયોજન




શાળાને તમાકુમુક્ત કરવા વિષે માહિતી અપાઈ

રાજકોટ મિરર, તા.૧

ભારતમાં તમાકુના કારણે ૧૩.૫ લાખ લોકો દર વર્ષે મૃત્યુ પામે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન પ્રમાણે વિશ્વમાં દરરોજ ૮૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ બાળકો ધુમ્રપાન કરતાં શીખે છે, એમાં ૫૦% બાળકો એશિયાના હોય છે. ધુમ્રપાન શરૂ કરવાના કારણોમાં યુવાનોમાં સ્ટ્રેસ, નકારાત્મક રોલ મોડલ અને તમાકુ કંપનીઓની આડકતરી જાહેરાતો મુખ્ય કારણો છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ભારત સરકાર દ્વારા ટોબેકો ફ્રી યૂથ કેમ્પેઇન ૨.૦ અંતર્ગત ગુજરાત રાજ્યની તમામ શાળાઓને ટોબેકો ફ્રી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટકરવા સેટકોમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના આરોગ્ય વિભાગના નાયબ નિયામક (એપેડેમીક) ડો.જે.એમ.કતીરા, મેડીકલ ઓફિસર(એનટીપીસી) ડો. વિજય પટેલ અને ફેઇથ ફાઉન્ડેશનના પ્રોજેક્ટ ડાયરેક્ટર સુઝન સેમસન હાજર રહ્યા હતા અને મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ટોબેકો ફ્રી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ ની માર્ગદર્શિકા પ્રમાણે શાળાને તમાકુમુક્ત કરવા વિષે માહિતી આપવામાં આવી અને રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આ માર્ગદર્શિકા મુજબ ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન કામગીરી કરવા જણાવેલ હતું.

ગ્લોબલ યૂથ ટોબેકો સર્વે ૨૦૧૯ ગુજરાતની ફેક્ટશીટ પ્રમાણે ૫.૪ % વિધાર્થીઓ તમાકુ અને તમાકુની બનાવટના ઉત્પાદનનો ઉપયોગ કરે છે એમા પણ ૬.૩ % છોકરાઓ અને ૪.૨ % છોકરીઓનું પ્રમાણ જોવા મળે છે. તમાકુ છોડવાની વાત કરવામાં આવે તો ૨૦૧૯ ગુજરાતની ફેક્ટશીટ પ્રમાણે પાછલા ૧૨ મહિનામાં ૬૩.૦ % વિદ્યાર્થીઓએ ધૂમ્રપાન છોડવાનો પ્રયત્ન કર્યો છે.

# પોકસોના આરોપીને કોર્ટમાં હાજર થવા આદેશ

રાજકોટ મિરર, તા.૧

ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના પોકસોના ગુનાના આરોપી મોહીન ઉર્ફે જાવેદ મોહમંદ ભાયાણી (રહે. દૂધની ડેરી ત્રણ માળીયા કવાર્ટર નં ૩, રાજકોટવાળા) ને કોર્ટમાં હાજર ન રહેતા હોય કોર્ટમાં હાજર રહેવા જજ પી.જે.તમાકુવાલાએ જાહેરનામા દ્વારા ફરમાન કર્યું છે. આરોપી અંગે જાણકારી મળ્યે ફોન નં.૦૨૮૧-૨૪૫૭૭૭૭ તથા મો.નં.૭૩૮૩૦૭૮૬૮૩ પર જાણ કરવા થોરાળા પોલીસ સ્ટેશનના, એ.એસ.આઇ. શ્રી વી.એમ. બેરડીયાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં તા. ૫ થી ૭ ડિસેમ્બર સુધી રાજ્યકક્ષા યુવા યોજાશે ઉત્સવ સ્પર્ધા

રાજકોટ મિરર, તા.૧

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા રાજ્યકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪-'૨૫નું આયોજન કરાયું છે. આ સ્પર્ધા તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૪થી તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી સવારે ૧૧:૦૦ કલાકે હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે યોજાશે. જેમાં ઝોનકક્ષાએ પ્રથમ ક્રમ અને દ્વિતિય ક્રમે વિજેતા થયેલા કલાકારો અને ત્યારે કલાવૃંદો ભાગ લેશે. આ કાર્યક્રમમાં ભાગ લેનારા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે રાજકોટની કલાપ્રેમી જનતાને લાભ લેવા જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દીહોરા દ્વારા જણાવાયું છે.

કલા મહાકુંભ - ૨૦૨૪-૨૦૨૫ અંતર્ગત

# રાજકોટ શહેર-ગ્રામ્યનાં સ્પર્ધકો,કલાવૃંદો ૧૮ ડીસેમ્બર સુધી કરી શકશે અરજી

રાજકોટ મિરર, તા.૧

ગુજરાત સરકારનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સંચાલીત ''કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ યોજાશે. આ કલા મહાકુંભમાં ૦૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ, ૬૦ વર્ષથી ઉપર એમ ૦૪ (ચાર) વયજુથનાં સ્પર્ધકો ભાગ લઈ શકશે. સ્પર્ધકની ઉંમર તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ ગણવાની રહેશે. સ્પર્ધા તાલુકા/ઝોનકક્ષાથી લઈને જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, અને રાજયકક્ષા



એમ ક્રમશઃ યોજવામાં આવશે.

આ કલા મહાકુંભ સ્પર્ધામાં વક્તૃત્વ, નિબંધ લેખન, કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઇ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, લોકનૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથ્થક, કુચિપુડી, ઓડેસી, મોહીનીઅટ્ટમ, શાસ્ત્રીય કંઠય સંગીત (હિન્દુસ્તાની), સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, લોકગીત/ભજન, હાર્મોનિયમ (હળવું), તબલા, ઓરગન, સ્કુલ બેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, પખવાજ, વાયોલીન, મૃદંગમ, રાવણ હથ્થો, જોડિયા પાવા, એક પાત્રીય અભિનય, ભવાઇ જેવી ૩૭ કૃતિઓનું આયોજન કરવામાં આવશે.

કલા મહાકુંભ ૨૦૨૪-૨૫માં ભાગ લેવા ઈચ્છતાં રાજકોટ શહેર અને ગ્રામ્યનાં સ્પર્ધકોએ નિયત નમુનાનાં અરજીફોર્મમાં પોતાની સંપૂર્ણ વિગત ભરી આધારકાર્ડ અને બેંક પાસબુકનાં પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ સાથે પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ'' ખાતે તા.૧૮/૧૨/૨૦૨૪ના બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# વાહ ગુડ ન્યુઝ : કચરામાંથી બન્યું ૨૭૭૩૫ ટન ખાતર

## જીપીસીબીને મળી સફળતા : ગુજરાત સમગ્ર દેશમાં 'ટોપ પર્ફોમર' રાજ્ય બન્યું



ગાંધીનગર, તા. ૧

પ્રદૂષણ એ આજે સૌથી મોટી વૈશ્વિક ચિંતાઓમાંની એક છે. હકીકતમાં, વિવિધ કારણોસર વધતું પ્રદૂષણ માત્ર હવા, પાણી અને જમીનને પ્રદૂષિત નથી કરી રહ્યું. બલ્કે, તે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મોટી સંખ્યામાં નાગરિકોના આરોગ્ય પર અસર કરી રહ્યું છે. નિષ્ણાતો વિશ્વભરમાં વધી રહેલા કેટલાક ગંભીર રોગો માટે પ્રદૂષણને જવાબદાર માને છે. આવી સ્થિતિમાં પ્રદૂષણને અંકુશમાં લેવા માટે દરેક શક્ય પ્રયાસો કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. ગુજરાત સરકારના માર્ગદર્શનમાં અને જીપીસીબી બોર્ડ દ્વારા ઔદ્યોગિક જોખમી કચરાનું યોગ્ય નિકાલ બાબતે થયેલી અભૂતપૂર્વ કામગીરીના પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં 'ટોપ પર્ફોમર' રાજ્ય બની રહ્યું છે.

રાજ્યમાં એક દિવસમાં સરેરાશ ૨૮ મેટ્રિક ટન ઘરગથ્થુ ઘન કચરો એકત્રિત કરવામાં આવે છે. જે પૈકી સરેરાશ ૨૫ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિ ઢબે યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ કચરાને રિસાયકિંલગ કરી તેનો ખાતર બનાવવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતે અંદાજિત ૩૦,૦૭૩ મેટ્રિક ટન કચરાને એકત્રિત કરી ૨૭,૭૩૫ મેટ્રિક ટન ઘન કચરાને ખાતર બનાવવામાં આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૦,૩૨૦ મેટ્રિક ટન ઘરગથ્થુ ઘન કચરાને એકત્રિત કરી ૯,૦૩૧ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરાયો હતો. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૯,૪૩૬ મેટ્રિક ટન કચરા પૈકી ૯,૮૩૨ મેટ્રિક ટન કચરાનો નિકાલ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦,૩૧૭ મેટ્રિક ટન ઘન કચરો એકત્રિત કરી ૮,૮૭૨ મેટ્રિક ટન કચરાને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો છે.

### જોખમી કચરાનો નિકાલ

ત્રઙઈઈ કો-પ્રોસેસીંગનો કોન્સેપ્ટ અપનાવવમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. કચરામાંથી કંચનના અભિગમ હેઠળ ઔદ્યોગિક ઘન કચરો સિમેન્ટ ઉદ્યોગની અંદર બળતણ અથવા કાચામાલ તરીકે ઉપયોગમાં લેવાય છે. જે અંતર્ગત વર્ષ ૨૦૦૯ થી માર્ચ-૨૦૨૪ સુધીમાં ૪૫.૬૩ મિલિયન મેટ્રીક ટનથી વધુ કચરાનો કો-પ્રોસેસીંગ થકી સિમેન્ટ ઉદ્યોગોમાં નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૦૬ મિલિયન મેટ્રીક ટનથી વધુ કચરાનો સિમેન્ટ ઉદ્યોગોમાં નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૯ થી માર્ચ-૨૦૨૪ સુધીમાં રાજ્યમાં સિમેન્ટ કિલ્નમાં આશરે ૯૪ લાખથી વધુ મેટ્રીક ટન પ્લાસ્ટિક કચરાનો પણ કો-પ્રોસેસીંગ થકી નિકાલ કરાયો છે.

### લીગસી વેસ્ટ

જે ઘરગથ્થુ ઘન કચરાનો સમયસર અને યોગ્ય નિકાલ નથી કરવામાં આવતો, તે ઘન કચરો લીગસી વેસ્ટમાં પરિવર્તે છે, જેના થકી પ્રદૂષણમાં વધારો થાય છે. આ પ્રદૂષણને અટકાવવા છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કુલ ૨૫૪.૨૫ લાખ મે.ટન લીગસી વેસ્ટનું યોગ્ય વર્ગીકરણ અને વ્યવસ્થાપન કરીને તેનો સમયસર નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ અમદાવાદ મહાનગરપાલિકાએ અંદાજીત ૧૨૫ લાખ મે.ટન લીગસી વેસ્ટનો નિકાલ કર્યો છે.

# ગોંડલની મહિલાને ટાસ્ક પુરા કરવાનું કહી ૨.૧૫ લાખ પડાવ્યાં




રાજકોટ મિરર, ગોંડલ તા.૧

ઓનલાઇન છેતરપિંડીના કિસ્સા દિવસેને દિવસે વધી રહ્યા છે ત્યારે, ગોંડલની મહિલા પણ તેનો ભોગ બનવા પામ્યો છે અને તેને આર્થિક રૂ. ૨,૧૫,૦૦૦/- ગુમાવવા પડતા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

નોંધનીય છે કે, શહેરની ગુંદાળા ચોકડી પાસે આવેલી ઉર્જા રેસીડેન્સીમાં રહેતા લતાબેન કલ્પેશભાઈ કવાડને ટેલિગ્રામ ઓનલાઈન રીના ઈડી નામના એકાઉન્ટ સંચાલકે ઊંચા રિટર્ન આપવાની લાલચ આપી અલગ અલગ ટાસ્ક પૂરુ કરવાનું જણાવ્યું હતું. જે બાદ મહિલાને ઓનલાઇન રૂ. ૨,૧૫,૦૦૦/- ગુમાવતા છેતરપિંડીનો ભોગ બન્યાનું જણાતાં બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રીના ઈડીના સંચાલક વિરુદ્ધ ભારતીય સંહિતા ૨૦૨૩ કલમ ૩૧૮, ધિ ઇન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટ કલમ ૬૬ મુજબ ગુનો નોંધી કાર્યવાહી પી.આઈ જે.પી ગોસાઈએ હાથ ધરી હતી.

### નીલકંઠ સિનેમા પાસે મોડી રાત્રીના ખેલાયો'તો ખૂની ખેલ

# હર્મીશની હત્યાનો આરોપી દોલતસિંહ સોલંકી ઝડપાયો

## ગોંડલ ચોકડી પાસેથી PI એમ.એમ.સરવૈયા તથા ટિમે પકડી પાડયો



આરોપી દોલુ સોલંકી








રાજકોટ મિરર, તા.૧
શનિવારની રાત્રીના નીલકંઠ સિનેમા પાસે થયેલા યુવાનની હત્યામાં સંડોવાયેલા દોલતસિંહ સોલંકીને ભક્તિનગર પોલીસના પીઆઈ એમ.એમ. સરવૈયા સહિતના સ્ટાફે ગોંડલ રોડ પર, ચોકડી નજીકથી ઝડપી લીધો છે. આજે સોમવારે તેમને રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરાશે તેવું પીઆઈ સરવૈયા દ્વારા રાજકોટ મિરરની વાત દરમિયાન જણાવ્યું હતું.

શહેરના કોઠારીયા રોડ ખોડિયાર ટી સ્ટોલ અને ડોકટર મેઘાણીનાં દવાખાના પાસે આવેલા કોમ્પ્લેક્ષના ગેઇટ નજીક ઉભા રહેવા પ્રશ્ને થયેલી બોલાચાલીને લીધે ફાઈનાન્સર દોલતસિંહ સોલંકીએ ૨૮ વર્ષના હર્મિશ હસુભાઈ ગજેરાની તેમના મોટાભાઈની નજર સામે જ શનિવારની રાત્રીના નીલકંઠ સિનેમા પાસે જાહેરમાં છરીના ઘા ઝીંકી હત્યા કરી નાસી છૂટ્યો હતો. જેને આજે ભક્તિનગર પોલીસે ઝડપી લીધો હતો.

સમગ્ર બનાવની પ્રાપ્ત વિગતો મુજબ કોઠારીયા રોડ દેવપરામાં ખોડિયાર હોટલ પાસે હાર્મિશ હસુભાઈ ગજેરા (ઉ.વ.૨૮-રહે. ગીતાંજલી સોસાયટી આનંદ નગર કોલોની પાછળ)ને ત્યાં નજીકમાં ઓફિસ ધરાવતા દોલતસિંહ ઉર્ફે દોલુ સોલંકી છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી નાસી છૂટ્યો હતો. પોલીસે હત્યાનો ભોગ બનનારના મોટાભાઈ રાધિક હંસરાજભાઈ ગજેરા ઉ.વ.૩૦ની ફરિયાદ પરથી દોલતસિંહ ભાવસિંહ સોલંકી રજપૂત વિરૂધ્ધ મોડી રાત્રે ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી મુજબ કોઠારીયા રોડ નજીક આનંદનગર પાસે ગીતાંજલી સોસાયટીમાં રહેતો અને કોઠારીયા ચોકડી પાસે રામનગર નજીક અક્ષર હાર્ડવેર નામે પિતા અને ભાઈ સાથે કારખાનુ ચલાવતો હાર્મિશ ગજેરા. (ઉ.વ. ૨૮) અને તેનો ભાઈ રાધિક ગજેરા (ઉ.વ.૩૦) પાંચેક દિવસ પહેલા દેવપરામાં આવેલી ખોડિયાર ચાની હોટલે ચા-પાણી પીવા ગયા હતાં. તે હોટલ ઉપર દોલતસિંહ ઉર્ફે દોલુની ફાયનાન્સની ઓફિસ હોઈ અને તેણે પાર્કિંગમાં ડેલો બનાવ્યો હોઈ અહીં રાધિક અને હાર્મિશ હોટલ અને દોલતસિંહની ફાયનાન્સની ઓફિસ ત્યાં વચ્ચેના રસ્તે ઉભો હતા ત્યારે રસ્તા પર ઉભવું નહિ કહી દોલતસિંહ ઉર્ફે દોલુએ માથાકૂટ કરી હતી.

મૃતકના ભાઈ રાધિકની ફરિયાદ પરથી ગુનો દાખલ કરવા અને હુમલાખોર દોલતસિંહને પકડવા કવાયત શરૂ કરી હતી.

હત્યાનો ભોગ બનનાર હાર્મિશ બે ભાઈ અને એક બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં બે વર્ષની પુત્રી છે. બનાવથી મૃતકના પરિવારમાં શોક વ્યાપ્યો છે. ભક્તિનગર પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, નિલેશભાઈ મકવાણા સહિતની ટીમે ગુનો નોંધી આરોપીને પકડી લેવા તજવીજ આદરી હતી. ડીસીબી, એલસીબીની ટીમો પણ તપાસમાં સામેલ થઈ હતી.

દરમિયાન આજે દોલતસિંહ સોલંકીને ભક્તિનગર પોલીસના પીઆઈ એમ.એમ.સરવૈયા, સ્ટાફના એએસઆઈ નીલેશ મકવાણા, હેડ કોન્સ્ટેબલ નરેન્દ્ર ગઢવી તેમજ કોન્સ્ટેબલ નીલેશ પીરોજીયા સહિતના સ્ટાફે દોલતસિંહ સોલંકીને ગોંડલ રોડ, ચોકડી પાસેથી ભાગવાની ફિરાક દરમિયાન ઝડપી લીધો હતો. આ અંગે પીઆઈ સરવૈયાએ રાજકોટ મિરર સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતુ કે, આરોપી દોલતસિંહની રાત આખી પૂછપરછ કરાશે, તપાસમાં કેવો સહકાર આપે છે તે વાતને આધીન આવતીકાલે કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરાશે.

### દોલતસિંહ સોલંકી સામે ભૂતકાળમાં ૧૫ ગુન્હા

નીલકંઠ સિનેમા પાસે હાર્મિશ ગજેરાનું ટીમ ઢાળી દેનાર ફાઈનાન્સર દોલતસિંહ ઉર્ફે દોલુ ભાવસિંહ સોલંકી (રહે. રણુજાનગર. શેરી નંબર ૯, વિપુલ નિવાસ મકાન, કોઠારીયા મેન રોડ રાજકોટ) ને ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા સહિતના સ્ટાફે દબોચી લીધા બાદ તેમનો ગુનાહિત ઈતિહાસ ચેક કરવામાં આવતા દોલતસિંહ સામે ભૂતકાળમાં ૧૫ જેટલા ગુન્હા નોંધાયા છે. જેમાં ૧૧ ગુન્હા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં બે, એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક, સુરત મહિલા પોલીસ સ્ટેશનમાં એક ગુનાનો સમાવેશ થાય છે.

### બંને ભાઈઓ જીવ બચાવવા ભાગ્યા પણ હર્મીશ હાથમાં આવી જતા મળ્યું મોત

દરમિયાન શનિવારે રાત્રે હાર્મિશ અને તેનો મોટોભાઈ રાધિક તે હોટલે ચા પાણી અને સીગારેટ પીવા ગયા હતાં ત્યારે દોલતસિંહ ઉર્ફે દોલુએ ફરી બોલાચાલી કરી હતી. બાદમાં તેને ઉભો રહે કહીને તેની ઓફિસે છરી લેવા ગયો હતો આ દરમ્યાન હાર્મિશ પણ ત્યાં આવતા ઓફિસમાંથી છરી લઈને ધસી આવેલા દોલતસિંહએ બંને ભાઈઓ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી હતી. આથી બંને ભાઈઓ જીવ બચાવવા ત્યાંથી દોડયા હતા પરંતુ થોડે દૂર પાછળ દોડી રહેલા દોલતસિંહના હાથમાં હાર્મિશ પકડાઈ જતાં તેને છરીના ત્રણેક ઘા ઝીંકી દેતા તે લોહી લુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડયો હતો. હુમલા બાદ દોલતસિંહ ત્યાંથી ભાગી ગયો હતો જ્યારે ગંભીર રીતે ઘવાયેલા હાર્મિશને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

### બાતમી પરથી ઝડપી લેવાયો દોલતસિંહને

પી.આઈ મયુરધ્વજસિંહ સરવૈયાએ ''રાજકોટ મિરર''ને જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોડના હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ અર્જુનદેવ ગઢવી, તેમજ પોલીસ કોન્સ્ટેબલ નિખિલભાઇ છગનભાઈ પીરોજીયાને ચોક્કસ બાતમી મળતા દોલતસિંહને ગોંડલ રોડ, ગોંડલ ચોકડી વિસ્તારમાંથી ઝડપી લેવાયો હતો.

### દોલું સોલંકીને ઝડપી પાડનાર ટીમ

હાર્મિશ હંસરાજભાઈ ગજેરાને છરીના ઘા ઝીંકી હત્યા કરનાર દોલતસિંહ સોલંકીને પકડી પાડવા માટે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.આઈ મયુરધ્વજ સિંહ સરવૈયા પીએસઆઈ એમ.એન વસાવા, જે.જે., ગોહિલ એએસઆઇ નિલેશભાઈ મકવાણા, હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ ગઢવી, હિતેન્દ્રસિંહ ઝાલા, કોન્સ્ટેબલ નિખિલભાઇ પીરોજીયા, અરવિંદભાઈ ફતેપુરા, કરણભાઈ કોઠીવાર, રાજદીપસિંહ જાડેજા, રાહુલભાઈ ઠાકોર, હરદેવસિંહ ગોહિલ, અરજણભાઈ પરમાર, મયુરધ્વજસિંહ જાડેજા, પુષ્પરાજ સિંહ ગોહિલ, દેવાનંદભાઈ રામ, રાજેશભાઈ સાકરીયા તેમજ હોમગાર્ડ દીપકભાઈ ટાંક અને હાર્દિકભાઈ પીપળીયા રોકાયા હતા.

# ભગવતીપરામાં હાર્દિક ચૌહાણ ઉપર અજાણ્યા શખ્સનો ખૂની હુમલો

## આંતરડા બહાર કાઢી નાખતો અજાણ્યો શખ્સઃ ગંભીર હાલતમાં સિવિલમાં સારવાર હેઠળ

રાજકોટ મિરર, તા.૧
રાજકોટ શહેર જાણે ગુન્હાનગરીમાં ફેરવાઈ ગયું હોય તેમ અહીં હવે રોજબરોજ ગંભીર ગુનાઓ બનાવવા લાગ્યા છે. હજુ તો શનિવારની રાત્રીના એક યુવાનની હત્યાના આરોપીને ભક્તિનગર પોલીસે ઝડપી લીધો છે અને પૂછપરછનો દોર શરૂ કરે તે પહેલા જ આજે ભગવતીપરા વિસ્તારમાં વધુ એક ખૂની હુમલાનો બનાવ બનવા પામતા પોલીસ દોડધામમાં પડી ગઈ છે ભગવતી પરાના બનાવવામાં કોઈ અજાણ્યા શખ્શે એક યુવાન પર છરીના ઘા ઝીંકી આંતરડા બહાર કાઢી નાખતા સનસનાટી મચી ગઈ હતી. બનાવની જાણ પરથી પોલીસે ઘટના સ્થળે દોડી જઈને ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો છે. આ લખાય છે ત્યારે રાત્રીના એક વાગ્યે તેમની હાલત ગંભીર હોવાનું આધારભૂત સુત્રોમાંથી જાણવા મળ્યું હતું.



પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ભગવતી પરા પાસે હાર્દિક ચૌહાણ નામના યુવાન પર કોઈ અજાણ્યા શખ્શે રેલવેના પાટા નજીક છરીના ઘા ઝીંકી આંતરડા બહાર કાઢી હાર્દિક લોહીનીગળતી હાલતમાં ફસડાઈ પડ્યો હતો. દરમિયાન બનાવની જાણ થતા ઘટના સ્થળે દોડી ગયેલી પોલીસે લોહીથી લથબથ હાલતમાં હાર્દિકણે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો છે. હુમલાખોર અંધારામાં ઓગળી ગયો છે.

પોલીસે અજાણ્યા શોધખોળ આદરી છે. શહેરની શાંત પ્રજાને જાગૃત લોકો કહે છે કે શહેરમાં બુટલેગરોથી માંડીને અસામાજિક તત્વો તેમજ સામાન્ય તેમજ ખૂની હુમલા કરવા ટેવાયેલા શખ્સોને હવે પોલીસની કોઈ બીક રહી નથી. હાલતા,ચાલતા, ગમે ત્યારે, ગમે તેના પર ખુની હુમલા કરી નાસી જતા હોય પોલીસને ઘોડા છૂટી જાય પછી તબેલાને તાળા મારવા પડે તેવી સ્થિતિમાં બનાવ સ્થળે દોડવું પડે છે.

ત્યારે હાર્દિક ચૌહાણ ઉપર શા માટે હુમલો કરાયો ? તેમને કોઈની સાથે માથાકૂટ કે ડખો ચાલે છે કે શું ? હુમલાખોરનો શું આશય હતો ? વિગેરે બાબતે હાર્દિક ભાનમાં આવ્યા પછી જાણવા મળે તેવું પોલીસનું કહેવું છે.

# સુરતમાં ભાજપ મહિલા મોરચા પ્રમુખનો ગળેફાંસો ખાઈ આપઘાત

## પરિવારજનોએ હત્યાની આશંકા દર્શાતા પોલીસ તપાસનો ધમધમાટ શરુ

રાજકોટ મિરર, સુરત તા.૧
સુરતમાંથી આપઘાતનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સુરતના અલથાણમાં વોર્ડ નંબર ૩૦ના ભાજપ મહિલા મોરચા પ્રમુખે પોતાના જ ઘરમાં ગળોફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. ૩૪ વર્ષની દિપીકા પટેલે આપઘાત કરી લેતા પરિવાર સહિત ભાજપમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.



આપઘાતની માહિતી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે મહિલાના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ મોકલી આગળની તપાસ હાથ ધરી છે. જોકે, મૃતકના પરિવારજનો સમગ્ર બાબતે આપઘાતની વાતને નકારી રહ્યા છે. પરિવાર આ ઘટનાને આત્મહત્યા નહીં પરંતુ હત્યા જણાવી રહ્યા છે.

મૃતકના સંબંધી મિનેષ પટેલે જણાવ્યું કે, મૃતક ઘણાં સમયથી ભાજપના કાર્યકર્તા હતાં અને સમાજ સેવિકા પણ હતાં. અમને આશંકા છે કે, આ આત્મહત્યા નહીં પરંતુ હત્યા છે. કારણકે, જ્યાં દિપીકાએ ફાંસો ખાધો હતો ત્યાં કોઈ દોરડું કે દુપટ્ટો નહતો. પરિવારજનોમાંથી તેમના બાળકો ઘરે હતાં અને પતિ ખેતરે ગયાં હતાં. રૂમમાં ફક્ત સચિન વિસ્તારના કોર્પોરેટર ચિરાગ અને અન્ય એક શખસ આકાશ હાજર હતો. જો કોઈએ ફાંસો ખાધો હોય તો પહેલાં પોલીસને જાણ કરે, પરંતુ ચિરાગે પોલીસને બોલાવવાની બદલે દિપીકાને નીચે ઉતારી. અમને આશંકા છે કે, દિપીકાની ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે, તેથી સમગ્ર મુદ્દાની તપાસ કરવામાં આવે અને અમને ન્યાય મળે.

# ધોરણ ૧૦-૧૨ના પરિશાર્થીઓના લેટ ફી સાથે સ્વીકારાશે ફોર્મ

## ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સમાં શનિવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી ૬ ડિસેમ્બર સુધી મુદ્દત લંબાવાઈ



રાજકોટ મિરર, ગાંધીનગર તા.૧
શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવા સાથે ત્રણ તબક્કામાં લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સમાં શનિવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી ૬ ડિસેમ્બર સુધી મુદત લંબાવી છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૯ ડિસેમ્બર સુધી મુદત લંબાવવામાં આવી છે. રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની આ મુદત પૂર્ણ થયા બાદ લેટ ફી સાથે ત્રણ તબક્કામાં ફોર્મ સ્વીકારવામાં આવશે.

રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની મુદત પૂર્ણ થયા બાદ લેટ ફી સાથે ત્રણ તબક્કામાં ફોર્મ સ્વીકારાશે. ધોરણ ૧૨ સાયન્સમાં ૭થી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭થી ૧૦ ડિસેમ્બર દરમિયાન રૂ. ૨૫૦ લેટ ફી સાથે, ૧૧થી ૨૦ ડિસેમ્બર દરમિયાન રૂ. ૩૦૦ લેટ ફી સાથે અને ૨૧થી ૨૨ ડિસેમ્બર સુધી રૂ. ૩૫૦ લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. ૨૨ ડિસેમ્બર સુધીમાં કોઇપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે. વિદ્યાર્થીઓનું પ્રિન્સિપાલ એપ્રૂવલ બાકી હોય તો તે પણ ૨૨ ડિસેમ્બર સુધી કરી શકાશે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦થી ૨૪ ડિસેમ્બર દરમિયાન લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૦થી ૧૨ ડિસેમ્બર દરમિયાન રૂ. ૨૫૦ લેટ ફી સાથે, ૧૩થી ૨૨ ડિસેમ્બર દરમિયાન રૂ. ૩૦૦ લેટ ફી સાથે અને ૨૩થી ૨૪ ડિસેમ્બર સુધી રૂ. ૩૫૦ લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. જ્યારે, ધોરણ-૧૦માં ૭થી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭થી ૧૦ ડિસેમ્બર દરમિયાન રૂ. ૨૫૦ લેટ ફી સાથે, ૧૧થી ૨૦ ડિસેમ્બર દરમિયાન રૂ. ૩૦૦ લેટ ફી સાથે અને ૨૧થી ૨૨ ડિસેમ્બર સુધી રૂ. ૩૫૦ લેટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. ૨૨ ડિસેમ્બર સુધીમાં કોઇપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે.